
કિંમત ₹ ૫

માસિક

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક:૧૧૯ ● માર્ચ ૨૦૧૭


## શ્રી નરનારાયણદેવનો ૧૯૫મો પાટોત્સવ



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧





૧. ફાગણ સુદ-૩ શ્રી નરનારાયણ દેવના પાટોત્સવના દિવસે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો પણ છઠ્ઠો વાર્ષિક પ્રતિષ્ઠાદિન ઉજવાયો તે પ્રસંગે સમૂહ મહાપૂજામાં પૂજા વિધિ કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા હરિભક્તો. ૨. કોટેશ્વર શ્રી સહજાનંદ ગુરુકુળ પ્રાર્થના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા ની આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૩. નારણઘાટ મંદિરના પાટોત્સવ નિમિત્તે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૪. વિહાર (ભાઈઓના મંદિર)માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી. ૫. છપૈયામાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ આયોજીત પારાયણ પ્રસંગે કથામૃત પાન કરાવતા શા. સ્વામી નિર્ગુણદાસજી અને અમદાવાદથી પધારેલ મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી તથા અન્ય સંતો.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૦ ● અંક : ૧૧૯

માર્ચ-૨૦૧૭

(મૂળ વર્ષ ૪૮)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)



**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**Mo. : 9099098969**
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**



**લવાજમ** - વાર્ષિક : રૂ. ૫૦-૦૦ ● છુટક નકલ રૂ. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા



| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | પાટોત્સવ | ૦૬ |
| ૦૪. | સુમધુર મૂર્તિના દર્શન આપો | ૦૮ |
| ૦૫. | જેતલપુરધામનો અદ્‌ભુત મહિમા | ૧૧ |
| ૦૬. | નક્કી હરિભક્ત | ૧૩ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૫ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૭ |
| ૦૯. | ભક્તિ સુધા | ૨૪ |
| ૧૦. | પ્રશ્ન પેટી | ૨૬ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૭ |

# અસ્મદીયમ્

'આ દેહે કરીને ભગવાનના ધામમાં નિવાસ કરવો છે. પણ વચમાં ક્યાંય લોભાવું નથી અને કાયરને ઠેકાણે જે દેહાભિમાની એવા ભગવાનના ભક્ત છે, તેને તો પ્રભુ ભજ્યામાં હજાર જાતના ઘાટ જાય છે, જે, જો કરડાં વર્તમાન હશે તો નહિ નભાય, ને સુગમ વર્તમાન હશે તો નભાશે. અને વળી એવો પણ વિચાર કરે જે, આવો ઉપાય કરીએ તો સંસારમાં પણ સુખિયા થઈએ, અને નભાશે તો હળવા હળવા સત્સંગમાં નભીશું. એવો ભક્ત હોય તે કાયરને ઠેકાણે જાણવો અને શૂરવીર જે ભગવાનના દ્રઢ ભક્ત હોય તેને તો પિંડ બ્રહ્માંડ સંબંધી કોઈ જાતનો ઘાટ ન થાય. (ગ.મ.-૨૨)

ભક્તો ! ખબડદાર થઈને સર્વોપરી એવા આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં દ્રઢ વિશ્વાસ રાખીને શુધ્ધ ઉપાસના રાખીને એવું જીવન જીવીએ કે આ દેહને દુઃખ લગાડીને પણ વર્તમાન દ્રઢ પાળવા, જેથી પિંડબ્રહ્માંડ સંબંધી કોઈ જાતના ઘાટ ન થાય અને આ ભગવાન મને મળ્યા છે તેના થકી જ મારૂ કલ્યાણ ને મોક્ષ રહેલો છે. અક્ષરધામ સિવાય કોઈ લોકમાં જવું નથી એવું નક્કી કરી રાખવું. અક્ષરધામ જેવું સુખ ક્યાંય નથી. જન્મ મરણના ફેરામાંથી છૂટવું હોય તો ઉપરોક્ત વચનામૃત જીવનમાં વણી લેજો. જેથી મહારાજ આપણને સહેજે સહેજે પોતાના ધામમાં જરૂર તેડી જશે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ


(ફેબ્રુઆરી-૨૦૧૭)

| | |
|---|---|
| ૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી વસંત પંચમી સમૈયા-પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર ઉવારસદ પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડા અને સાંકાપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા પાટોત્સવ પ્રસંગે અને ત્યાંથી એપ્રોચ બાપુનગર પ.ભ. રમેશભાઈને ત્યાં પધરામણી. |
| ૭ | સંત મહાદીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન.<br>શ્રી સ્વામિનારાયણ મંદિર મોખાસણ પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૯ | સૂર્યનગર (તા. હળવદ મૂળી દેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૧૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી વાસણા દશાબ્દી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૧ | કુહા શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૩-૧૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ શાકોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૫ | નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૬-૧૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી દશાબ્દી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઉપુરા અને વિહાર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર ગુલાબપુરા શાકોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૦થી ૨૫ | અમેરિકાના ધર્મપ્રવાસે પધરામણી. |
| ૨૬ થી ૨૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) શ્રીહરિકૃષ્ણ મહારાજના ૧૫૦ માં પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી. |

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ફેબ્રુઆરી-૨૦૧૭)

| | |
|---|---|
| ૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીધામ વસંત પંચમીના સમૈયો શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો મહાભિષેક, રંગોત્સવ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો. |
| ૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી અમદાવાદ દશાબ્દી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી દશાબ્દી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર (પાટીદાર) કથા પ્રસંગે પધરામણી. |
| ૨૭-૨૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) શ્રી હરિકૃષ્ણ મહારાજના ૧૫૦ માં પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી. |



# પાટોત્સવ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ
(જેતલપુરધામ)

.આપણા સંપ્રદાયમાં પ્રત્યેક સત્સંગીને ભગવાનના પાટોત્સવનો લ્હાવો વારંવાર મળતો રહે છે. તેમાં દરેકને પોતપોતાની શક્તિ અને ભક્તિ અનુસાર પૂજન અર્ચન સેવા પૂજા દર્શનનો લાભ મળતો હોય છે. ઉત્સવ સમૈયાઓમાં આખું વર્ષ પાટોત્સવ શબ્દ વધુ સાંભળવા મળે છે. કોઈ વાર્ષિક, પંચ વાર્ષિક, રજત, સુવર્ણ, અમૃત, શતવાર્ષિક, સાર્ધશતાબ્દિ, શતામૃત વિગેરે.... પાટોત્સવનો અર્થ પ્રાગટ્ય દિવસ પ્રાગટ્ય તિથિ એટલે જે તે મંદિરમાં ભગવાન અર્ચા સ્વરૂપે પ્રગટ થયા તેની વાર્ષિક તિથિ, દિવસ, સમય પૃષ્ટિમાર્ગ, વૈષ્ણવ પરંપરામાં પાટોત્સવનું પ્રતિષ્ઠાનું બરાબર મહત્વ કહ્યું છે. બાકી દિવસો કરતાં પાટોત્સવનાં દર્શન પૂજન સેવાથી હજાર ઘણી ભક્તિ પ્રાપ્તિ થાય છે.

ભગવાનની પ્રાદુર્ભાવતિથિને પણ પાટોત્સવ તરીકે ઉજવણી કરી શકાય. એટલે શ્રીહરિએ શિક્ષાપત્રી શ્લોકમાં ૧૫૫ માં કહ્યું કે ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવ કરવા.

પાટોત્સવ ઉજવણી ત્રણ સ્થળોમાં કરવાનું વિધાન છે.

(૧) ઘર મંદિર જે દિવસે ઘરમાં ભગવાનને સેવામાં પુષ્ટ કર્યા એટલે પધરાવ્યા તે દિવસ.

(૨) પોતાના ગામમાં હરિમંદિર જેની પ્રતિષ્ઠા થઈ હોય તે દિવસે.

(૩) મહામંદિર (શિખરબધ્ધ) મંદિર જ્યાં નિત્ય ષોડશોપચાર વડે પૂજન મહાનૈવેદ્ય, શણગાર અને આરતી થતી હોય તેની પ્રતિષ્ઠાતિથિ દિવસ.

ક્યા મંદિરમાં ક્યા પ્રકારની સેવા વિધિ કરવી તેની આજ્ઞા સંપ્રદાયના આચાર્ય તરફથી નક્કી કરવામાં આવે છે. સેવા વિધિ, નૈવેદ્યવિધિ, શણગાર વિધિ આચાર્યશ્રીના વચન અનુસાર આશ્રિતોને કરવાની પ્રણાલી વૈષ્ણવ સેવા રીતિની પ્રણાલીમાં પ્રતિપાદિત કરેલ છે. તેથી આચાર્ય મહારાજશ્રી ઘર મંદિર મૂર્તિની સેવા અર્પણ કરે ત્યારે તેને સંક્ષેપ પૂજા દેશકાળ સમય સંજોગને યથા શક્તિની સેવાની અનુમતિ આપે છે. તો હરિ મંદિરમાં તેથી થોડી વિશેષ સેવા પૂજા અર્ચન આરતીની આજ્ઞા આપે છે. અને મહામંદિરમાં સાંઙ્ગોપાંઙ્ગ શાસ્ત્રોક્ત સેવા પૂજા પદાર્થ ભોગ અર્ચન આરતી વિગેરે કરવાની આજ્ઞા આપે છે. સેવા પૂજા અનુમતિ વચન આજ્ઞા આપવાનો માત્ર આચાર્યશ્રીને અધિકાર વૈષ્ણવ સેવામાં કહ્યો છે. અને જ્યારે સેવક સેવામાં અસમર્થ થાય ત્યારે સેવા પાછી પરત લઈને મુમુક્ષુને ધર્મસંકટમાંથી મુક્ત કરવામાં આવે છે. શિક્ષાપત્રી શ્લોક ૧૩૦ માં મંદિરોની સેવા વિધિનો સમ્પૂર્ણ અધિકાર ધર્મવંશી આચાર્યશ્રીને કહ્યો છે.

પાટોત્સવનો શાસ્ત્રીય અર્થ છે કે ષટ્ટ-ઉત્સવ હિન્દીમાં પાટોત્સવ કહેવામાં આવે છે. ગુજરાતીમાં અપભ્રંશ થઈને પાટોત્સવ બોલાય છે. સાચો શબ્દ ''પટ્ટોત્સવ'' છે. પટ્ટ એટલે વસ્ત્ર, વસ્ત્ર સંબંધી ઉત્સવ એટલે પટ્ટોત્સવ, વસ્ત્ર પ્રતિક છે.

વલ્લભપૃષ્ટિ પ્રકાશ નામના ગ્રન્થમાં પટ્ટોત્સવ વિષયમાં શ્રીવલ્લભ સંપ્રદાય પૃષ્ટિમાર્ગીય સાતો ઘરનની સેવાવિધિનું નિરૂપણ ગોસ્વામી શ્રીમદ્ દેવકીનંદન આચાર્ય મહારાજશ્રીએ સંગૃહિત કરીને પ્રકાશન કર્યું છે. તેમાં પાટોત્સવની સેવા પૂજા અર્ચના ભોગ, શણગાર, વસ્ત્ર, અલંકાર આદિ ઋતુ માસ, નક્ષત્ર, તિથિ, વાર ને અનુસાર શ્રી ઠાકોરજીની સેવા વિષે સવિસ્તાર સાઙ્ગોપાઙ્ગ નિત્ય રીતિ વ્રત ઉત્સવ પટ્ટોત્સવ ઉજવવાનું વર્ણન કરેલ છે.

ઉત્સવની પહેચાન ઉત્સવની શોભા, મહત્વ ઉત્સવ પ્રત્યે સદ્‌ભાવના, પ્રેમલક્ષણા, પ્રીતિ, ભક્તિ, સમર્પણ, આકાર બાલ સ્વરૂપને પ્રિય દર્શન શણગાર છે.

શણગારમાં વસ્ત્રનું મુખ્ય પ્રધાનપણું રાખીને ઠાકોરજીને અલંકૃત કરવાને પાટોત્સવ (પટ્ટ ઉત્સવ) કહેવાય છે. વલ્લભ પૃષ્ટિ પ્રકાશના પ્રકાશનના મત અનુસાર પ્રત્યેક તિથિમાં પ્રત્યેક તિથિના શણગાર વસ્ત્ર અલંકાર ભિન્ન ભિન્ન છે. પરંતુ જ્યારે એવા પટ્ટના અભાવમાં પાટોત્સવના દિવસે શ્રી વિગ્રહ સ્વરૂપ ઠાકોરજીને કેશરી વસ્ત્ર ઝરીવાળા ધરાવવા જોઈએ. (ઝરીયાની વસ્ત્ર)

ઘર મંદિરમાં કેશરીવસ્ત્રના પ્રતિકરૂપે કેશરી રૂમાલ

અર્પણ કરવો. હરિ મંદિરમાં વસ્ત્રના અભાવમાં કેશરી રૂમાલ અને કેશરી ધજા અર્પણ કરવી. અને મહામંદિરમાં કેશરી ઝરીવાળા વસ્ત્રો ધારણ કરાવવા. કેશરી ઝરીવાળા વસ્ત્રો પટ્ટોત્સવનું પ્રતિક સ્વરૂપ છે. વિશેષ પટ્ટ બંધન મસ્તક પર સાફો, પાઘ તરીકે પણ માનવામાં આવે છે. તથા ઉપવસ્ત્ર તરીકે પટ્ટો ખેશ અર્પણ કરવો તે પણ પટ્ટ અર્પણ કહેવાય છે.

પટ્ટ (વસ્ત્ર) અર્પણ ષોડશોપચાર પૂજાનો એક ભાગ છે. તેથી હરિમંદિર, મહામંદિર પાટોત્સવમાં ષોડશોપચાર પૂજા કરવી તે પૂજાના અનુક્રમમાં મહાભિષેક પંચામૃત વડે અર્ચાસ્વરૂપને કરવો. એટલે આપણા સંપ્રદાયમાં પાટોત્સવના દિવસે ઠાકોરજીનો પંચામૃત વડે અભિષેક પ્રતિવર્ષ પ્રત્યેક મંદિરમાં થાય છે.

આચાર્યશ્રીની આજ્ઞાથી પાટોત્સવના દિવસે રાજભોગમાં મીસરી ભોગ એટલે દુધથી બનેલી વાનગીઓ તથા સખડી ભોગ એટલે પાણીથી બનાવેલા ફરસાણ પકવાન આદિ ભગવાનને ધરાવવામાં આવે. જે આચાર્યશ્રીએ પૂજવા સ્વરૂપ આપ્યુ હોય પ્રતિષ્ઠા કરી હોય તે સ્વરૂપનો પાટોત્સવ ઉજવતા પહેલા અનુમતિ આજ્ઞા લેવામાં આવે તો જ જે તે અર્ચા સ્વરૂપ સેવકને સેવાનો અધિકાર મળે છે. અન્યથા દેવ સેવા પૂજાનો સ્વીકાર કરતા નથી. નિત્ય સેવાની એકવાર આજ્ઞા મેળવી હોય તો આજીવન પૂજા કરી શકાય છે. પરંતુ પાટોત્સવની વ્રતોત્સવની વિશેષ પૂજા અનુમતિને અવલંબીત છે. હરિ મંદિરના પાટોત્સવમાં નાના હરિકૃષ્ણ લાલજી સ્વરૂપની પૂજા અભિષેક કરવો તેના અભાવમાં સોપારીમાં આવાહન કરીને અભિષેક પંચામૃત વડે કરવો. ઘર મંદિરમાં સેવા પૃષ્ટ સ્થાપના દિવસે સોપારીમાં આવાહન કરી યથા શક્તિ પંચામૃત વડે અભિષેક પૂજન કરવું. તેવી તિથિની સ્મૃતિ ન રહે તો રામનવમી, જન્માષ્ટમી જેવા વ્રતના દિવસે વ્રતમાં એકવાર અભિષેક કરવો. જેતપુરમાં રામાનંદ સ્વામીએ શ્રી સહજાનંદ સ્વામીને ઉધ્ધવ સંપ્રદાયની ગાદી આપી ત્યારે કેશરી વસ્ત્ર અર્પણ કરીને પૂજા કરી તે લીલાને શાસ્ત્રોમાં પટ્ટાભિષેક ઉત્સવ કહ્યો છે.

આપણા સંપ્રદાયની ધર્મવંશી આચાર્ય પરંપરાની ગાદી અર્પણ ગાદી, ગાદી અભિષેકની વિધિમાં અનુગામીને પટ્ટ (ખેશ) અને પાઘડી અર્પણ વિધિ કરીને ગાદીનો સમ્પૂર્ણ વારસો સત્તા અધિકાર આપવામાં આવે છે. એટલે કે પટ્ટ અને પાઘડી સર્વસ્વ અર્પણના સત્તા વાચક શાસ્ત્રોમાં માનવામાં સ્વીકારવામાં આવેલ છે.

નિત્ય પૂજામાં કેશરી ખેશ, જગન્નાથ મંદિરના આશ્રિતોને શિષ્યત્વના અધિકારમાં કેશરી પટ્ટો, અને વિશ્વવિદ્યાલયમાં ડિગ્રી આપવાના પ્રતિક રૂપે માથે કેપ આપવાની રીત તેમજ પારિતોષકમાં બાંધેલ પટ્રી આવા અનેક પરંપરાગત રિવાજ પ્રણાલીયોમાં પટ્ટનું દાન અધિકાર વાચક છે.

ભગવાનનો પાટોત્સવ ઉત્સવ ન કરવામાં આવે તો શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં ''સેવા દોષ'' કહ્યો છે. એટલે કર્તવ્ય પરાયણ વિવેકબુદ્ધિવાળા ભક્તોએ પોતાની સામર્થી અનુરૂપ પટ્ટોત્સવ કરવો તથા વાજીંત્રોએ સહિત ઉત્સવનાં કીર્તનો ગાવાં. આપણા આચાર્ય મહારાજશ્રીના ખભે દુપટ્ટો ખેશ અને પાઘડી પટ્ટોત્સવનું પ્રતિકૃતિ છે.

જે મનુષ્ય ભગવાનનો પાટોત્સવ કરાવે છે તેની પહેલાની સાત અને પછીની સાત પેઢી કુલ ચૌદ પેઢીઓનો ઉદ્ધાર કરે છે. એવું પુરાણોમાં કહ્યું છે. દ્રૌપદીએ શ્રીકૃષ્ણ ભગવાનને એક વસ્ત્રનો પટ્ટ અર્પણ કર્યો તો જ્યારે દુઃશાસને લાજ લૂંટવા સાડીઓ ખેંચી તો ૯૯૯ નવાણું સાડીઓ આપીને લાજ આબરુનું ભગવાને રક્ષણ કર્યું.

હજાર કામ મુકીને મંદિરનો પાટોત્સવ ઉજવાતો હોય ત્યાં દર્શન કરવા જવું. દર્શન કરવા એ પણ પાટોત્સવમાં અંશતઃ સહભાગી થવાની સેવા ગણાય છે. પાટોત્સવમાં આમંત્રણની આગ્રહ કે રાહ જોવી નહિ. ભગવાન મારા છે તો મારે જવું જ પડે.....

સંતોનું પૂજન કરવામાં વસ્ત્ર ઓઢાડવામાં આવે છે. આપણા સંપ્રદાયમાં ધોતીયાં ઓઢાડવાની પ્રથા છે. એટલે વસ્ત્રથી સન્માન પૂજન એ પૂર્ણ સન્માન ગણાય છે. તથા કોઈ વિશિષ્ટ વ્યક્તિના પ્રસંગોપાત તથા કોઈ સફળતા અથવા કોઈ કાર્યને બિરદાવવા તેનું શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવે છે. આ બધી પરંપરાઓમાં પટ્ટ (વસ્ત્ર) એક વિશિષ્ટ, આવકાર, સન્માનની ઓળખ તરીકે માનવાની વર્ષો જુની પરંપરા પટ્ટ સાથે જોડાયેલી છે.



# સુમધુર મૂર્તિના દર્શન આપો

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)

.गुर्जररागे एकतालीताले गीयते ॥

एहि दयालो हृदय शयालो दर्शन समुधुरमूर्तिम् ।
प्रशमय तापं विदलय पापं जनय हृदयसुखपूर्तिम् ॥ध्रुवपदम्॥

सुखकरशीले जलधरनीले हसितमुखे त्वयि याते ।
ताम्यति चेतो वीक्षणहेतोः कृतिरियमतिविषमाते ॥एहि. १॥

चरणसमीपे शुभमतिदीपे सुखयसि खलु जनजातम् ।
स्मर तव दासं दूरनिवासं कुरु पुरुविरहविधातं ॥एहि. २॥

जगनुकुले मंगलमूले त्वयि चिरयति दृशिदाने ।
नहि मम स्नाने न च जलपाने रुचिररपि न निधाने ॥एहि. ३॥

जनसुखकारी भवभयहारी त्वमसि विषयविषपाती ।
मा विपरीतो भव सुप्रीतो रमण चरण दृशिदाता ॥एहि. ४॥

वचन विगितं चरितमधीतं मम बहुतरमपराधम् ।
मा कुरु भावे करुणाहावे शीलमेव निजमगाधम् ॥एहि. ५॥

पश्यमपूर्ण त्यजसि हि तूर्ण का बत तव परिपाटी ।
त्वयि सुखपुरे निवसति दूरे प्रपतति कलिमलघाटी ॥एहि. ६॥

बोधितमंदं सहजानन्दं शासितशामनभटधावम् ।
प्रोज्झय भवन्तं भुवि विलसन्तं न गतिरतितनावम् ॥एहि. ७॥

गतसुखलेशे कुमतिनगेशे कुरु करूणां चरणसम्बम् ।
विरहविहीनं कुरु तव दीनं किमिति करोषि विलम्बम् ॥एहि. ८॥

॥ इति दीनानाथभट्टविरचितविरहाष्टपदी ॥

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ મનુષ્ય દેહ ધારણ કરીને ગુજરાત કચ્છ અને કાઠીયાવાડના ગામોમાં વિચરણ કરતાં હતાં ત્યારે તેમનો પ્રભાવ પ્રતાપ અને ઐશ્વર્યના દર્શન કરીને કેટલાય મુમુક્ષુ જીવાત્માઓ પોતાનો મત સંપ્રદાય અને ગુરુઓને છોડીને આ સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા પ્રગટ પ્રમાણ પરમેશ્વર મળ્યા છે તો તેમનો જ દઢ નિશ્ચય પૂર્વક આશ્રય કરવા લાગ્યા હતાં. તેમાંના એક મહા વિદ્વાન પંડિત દિનાનાથ ભટ્ટ પણ હતાં. જેઓ સંસ્કૃત ભાષાના પ્રકાણ્ડ પંડિત અને સંસ્કૃતના શીઘ્ર કવિ હતાં. તત્કાળ સંસ્કૃત ભાષામાં શ્લોકોની રચના કરવામાં દક્ષ હતાં. એવા વિદ્વાન પંડિત દીનાનાથ ભટ્ટ પોતાની ભાવવાહી આ સંસ્કૃત અષ્ટકથી ભગવાન શ્રી સ્વામિનારાયણને પોતાના દિવ્ય સ્વરૂપના દર્શન દાન દેવાની ગદ્ ગદ્ કંઠે સ્તુતિ પ્રાર્થના કરે છે. કારણ કે તેઓના હૃદયમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં મયારામ વિપ્રનું નામ લીધું અને તેમના કરતાં વિદ્વતામાં અને ઉંમરમાં પોતે સિનિયર છે છતાં મારૂં નામ ન આવ્યું તેવા રાગ દ્વેષાત્મક દુઃખથી છુટવા આ સ્તોત્રમાં સ્તૃતિ પ્રાર્થના કરી છે.

एहि दयालो हृदय शयालो दर्शन समुधुरमूर्तिम् ।
प्रशमय तांप विदलय पापं जनय हृदयसुखपूर्तिम्
॥ध्रुवपदम्॥

एहि – હે પરમેશ્વર આ પૃથ્વી પર અહિં અત્યારે હાલ તમારા સિવાય પ્રાર્થના કરવા યોગ્ય કોઈ નથી તેથી હે दयालो – અત્યન્ત દયાવાળા દયાથી ભરપુર हृदय – હૃદયમાં દયાવાળા કરૂણા જેમના અંતઃકરણમાં સદા વિરાજમાન છે. એવા હે પ્રભુ शयालो – દયા કરૂણા કરવામાં તમારા જેવા વિશાળ હૃદયવાળા બીજા કોઈ નથી. दर्शय – દર્શન આપો, પ્રત્યક્ષ મૂર્તિના દર્શન કરાવો. सुमधुरमूर्तिम् – તમારી મૂર્તિ એવી મધુર છે કે જેના દર્શન કરવાની મારી લાલચને રોકી શકતો નથી. માટે તમારી અત્યન્ત સુમધુર મૂર્તિના દર્શન કરાવો જ. प्रशमयतापं – દર્શન આપીને મારા સમગ્ર તાપોને આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક ત્રિવિધ તાપને શમાવો ત્રિવિધ તાપનો નાશ કરો. विदलयपापं – જીવના વાસનામય મન કર્મને વાણીથી થતાં અનેક પ્રકારના પાપોનો વિનાશ કરો પ્રભુ. जनय – મારા હૃદયમાં જન્માવો-ઉત્પન્ન કરો. સદ્વિચારોને સત્કર્મોને પુણ્યને કે જેનાથી હું हृदयसुखपूर्तिम् – મારા હૃદયમાં આધ્યાત્મિક સુખની પૂર્ણતા કરો. જ્યાં સુધી પ્રત્યક્ષ મૂર્તિના પ્રગટના દર્શન ન થાય ત્યાં સુધી પૂર્ણ સુખ આવતું નથી. ध्रुवपदम् – અચળ પંક્તિ અર્થાત્ ટેક આ કડીને દરેક કડીની પાછળ બોલવાની છે અને તેના અર્થનું અનુસંધાન રાખવાનું છે.

सुखकरशीले जलधरनीले हसितमुखे त्वयि याते ।
ताम्यति चेतो वीक्षणहेतोः कृतिरियमतिविषमाते ॥एहि. १॥

सुखकरशीले – હે પ્રભુ તમારો તો સ્વભાવ જ એવો છે કે જીવ માત્રને હંમેશા મહાસુખ જ આપો છો એવું જ તમારૂ ચરિત્ર અર્થાત્ વર્તન છે કે ક્યારેય પણ કોઈ પણ જીવને તમારાથી કોઈ પણ પ્રકારનું દુઃખતો આવતું જ નથી. जलधरनीले – જેમ આકાશમાં કાળા ભમર જેવા વાદળોની ગરજના થાય પણ તે સંસારના પ્રાણી માત્રને પ્રકૃતિના સર્વ સૌન્દર્યને સુખ જ આપે છે

તેની સમાન જ આપ પણ છો. हसितमुखे - મંદ મંદ હાસ્યને વેરતા મુખકમળ વાળા તમારા દર્શનથી સૌને સદા સુખ જ થાય છે. त्वयि याते -તમારૂ આવવાનું જાણીને સૌ કોઈના ચિત્તને ताम्यति चेतो - આપના દિવ્ય અદ્ભુત સ્વરૂપના દર્શન કરવા માટે મારા જેવા જીવોના ચિત્ત અનાયાસે તણાઈ આવે છે. वीक्षणहेतोः - ચિત્તને તણાઈને આવવાનું માત્ર તમારા દિવ્ય દર્શન કરવાનો જ જેના હૃદયમાં ધ્યેય છે એવા ભક્તોને कृतिरियमतिविषमाते - હે પ્રભુ આટલું જ કરવાનું છે કે તમારા દિવ્ય દર્શન જ આપવાના છે તો તેમાં આટલો બધો વિલંબ શા માટે કરો છો. હે પ્રભુ તત્કાળ દર્શન આપો.

चरणसमीपे शुभमतिदीपे सुखयसि खलु जनजातम् ।

स्मर तव दासं दूरनिवासं कुरु पुरुविरहविधातं ।।एहि. २।।

चरणसमीपे - હે પરમેશ્વર તમારા ચરણની સમીપે તો સદા આવનાર માત્રને કોઈ પણ પ્રકારનું દુઃખ ટકતું જ નથી. शुभमतिदीपे - જેના હૃદયમાં શુભ ભાવના હોય જેની બુદ્ધિમાં સદ્ભાવના હોય તે તમારા ચરણે આવે છે. सुखयसि - તે સર્વ પ્રકારના સુખને સહજતાથી પ્રાપ્ત કરે છે. खलु સત્ય જ ખરેખર જ. जनजातम् - પૃથ્વી ઉપર જન્મેલ જીવમાત્રને તમારા દર્શન થતાં જ સુખ મળે છે. स्मर હે પ્રભુ સ્મરણ કરો યાદ કરો. तव दासं - તમારા દાસને તમારા અનન્ય આશ્રિત ભક્તને दूरनिवासं - તમારાથી દૂર જઈને રહે છે તેવા તમારા ભક્તને कुरु તેના વિરહ રૂપી દુઃખને पुरुविरहविघातं વિયોગના દુઃખનો નાશ કરીને તેના મનોરથોને પૂર્ણ કરો.

जगनुकुले मंगलमूले त्वयि चिरयति हृशिदाने ।

नहि मम स्नाने न च जलपाने रुचिररपि न निधाने ।।एहि. ३।।

जगनुकुले - હે પરમેશ્વર તમારી કૃપા થાય તો આખું જગત તત્કાળ અનુકુલ જ થાય છે. પછી ભક્તને કોઈની ચિંતા રહેતી નથી. मंगलमूले જગતમાં જેટલા મંગલ કાર્યો છે તેના મૂળ તો તમારામાં જ છે. त्वयि चिरयति - હે પ્રભુ તમે દયાળુ થઈને દર્શન દેવામાં આટલો બધો વિલમ્બ કેમ કરો છો. हृशिदाने પોતાના ભક્તોને દર્શન દેવા એ તો તમારૂ જ પ્રણ છે. માટે હે ભગવાન મને વહેલાં દર્શન આપો. नहि मम स्नाने - જ્યાં સુધી તમારા દર્શન નહિ થાય ત્યાં સુધી મને સવારમાં જાગીને સ્નાન કરવાનું મન થતું નથી. न च जलपाने - અને મને જળપાન કરવાનું રૂચતું નથી. रूचिररपि न निधाने - બીજુ તો શું કહું પ્રભુ ! તમારા દર્શન કર્યા વિના તો આ દુઃખદાયક સંસારમાંથી મરવાનું પણ ઈચ્છા થતી નથી. અર્થાત જ્યાં સુધી તમારા પ્રત્યક્ષ દર્શન ન થાય ત્યાં સુધી જીવન પર્યંત તમારા દર્શન થાય તેવો જ ઉપાય કરવો છે.

जनसुखकारी भवभयहारी त्वमसि विषयविषपाता ।

मा विपरीतो भव सुप्रीतो रमण चरण हृशिदाता ।।एहि. ४।।

जनसुखकारी - જગતમા અને શાસ્ત્રોમાં તો તમારી પ્રસિદ્ધિ જીવમાત્રના સુખ કરનારા છે એવી છે તો પછી તમારા દર્શન આપીને મને સુખી કરો. भवभयहारी - જીવને જન્મ મૃત્યુના મહાન ભયને દૂર કરનારા છો. त्वमसि - તમો છો જીવમાત્રના દુઃખોને દૂર કરનારા. विषयविषपाता - હે પ્રભુ તો પછી મારા માટે તમે કેમ આ વિયોગ રૂપી વિષ ઝેરનું પાન કરાવો છો. પંચ વિષયોનું સુખ તો તમારા ભક્તોને વિષ ઝેર જેવું છે. मा - ન કરો, ન થાવ. विपरीतो भव - તમારા આપેલા વચનથી વિપરીત ન કરો અર્થાત્ તમારા દર્શન દેવાને વિયોગમાં ન નાખો. सुप्रीतो - તમારો પ્રેમ તો શ્રેષ્ઠ છે. તો પછી શા માટે વિયોગમાં તડપાવો છો. रमण - તમારા ચરિત્રો અને તમારી લીલાઓ અને चरण - તમારા નિર્ભય ચરણ કમળના દર્શન થાય તેવી દયા કરો. हृशिदाता - હે પ્રભુ તમે તમારા દર્શન દાન આપનારા છો.

वचन विगितं चरितमधीतं मम बहुतरमपराधम् ।

मा कुरु भावे करुणाहावे शीलमेव निजमगाधम् ।।एहि. ५।।

वचन - તમારા વચનનોને આજ્ઞાઓને કદાચ હું પાલન કરવામાં કાચો પડ્યો છું. विगितं - તમારા વચન આજ્ઞાને સમજવામાં મારાથી ભૂલ થઈ હશે. चरितमधीतं - તમારા ચરિત્રોનું અધ્યન કર્યું છે અને તેથી મને સમજાયું છે. આજ્ઞાનો ભંગ કરનારને તમારા દિવ્ય દર્શન ક્યારેય થતાં નથી. मम - મારો આ મોટો અપરાધ હોય છે તમારી આજ્ઞાનો ભંગ કર્યો છે. बहुतरमपराधम् - આવા તો મારા બહુજ અપરાધો છે પણ આપ તો દયાળુ છે તેથી મારા બધા અપરાધોને ક્ષમા કરીને જરૂર દર્શન આપો. मा कुरू - (ન કરો) भावे - તમારા ભક્તની ભાવના સાચી અને સારી છે. માટે તે ભાવના સામું જોઈને દયા કરો. करूणाहावे - અને હે પ્રભુ તમારા હૃદયમાં તો કરૂણા ભરપુર છે. शीलमेव - અને તમારું ચરિત્ર પણ એવું જ છે કે સૌના ઉપર દયા જ કરો છે. निजमगाधम् - આ તમારૂં પોતાનું ન ફરે તેવું આગાધ વચન છે. માટે તમારી સુમધુર મૂર્તિના દર્શન આપો જ.

पश्यमपूर्णं त्यजसि हि तूर्णं का बत तव परिपाटी ।

त्वयि सुखपुरे निवसति दूरे प्रपतति कलिमलघाटी ।।एहि. ६।।

पश्यमपूर्णं - હે પ્રભુ તમે તો દયાળુ છો તો પછી આ તમારા દાસના અપરાધને પુરો જોયા સિવાય કેમ ત્યાગ કરી દીધો છે. त्यजसि हि तूर्णं - શું તત્કાળ કોઈનો ત્યાગ કરી દેવો તે તમારો સ્વભાવ છે ? का बत तव परिपाटी - શું આવી રીતે કોઈનો ત્યાગ કરી દેવો એ તમારો રિવાજ છે. त्वयि - આપ તો. सुखपुरे - જ્યાં અનેક પ્રકારના સુખ ભરપુર છે ત્યાં સુખેથી નિવાસ કરો છો. निवसति दूरे - તમારાથી દૂર રહેલા તમારા જ ભક્તોને મહાન જન્મ મૃત્યુના દુઃખનો સામનો કરવો પડે છે. प्रपतति - આપના વિયોગમાં તે તમારા ભક્તો સંસારના દુઃખોમાં પટકાય છે. कलिमलघाटी - મહાન ભયાનક કળિયુગના અનેક પ્રકારના અધર્મોમાં ફસાયને દુઃખ ભોગવે છે.

बोधितमंदं सहजानन्दं शासितशामनभटधावम् ।

प्रोज्झय भवन्तं भुवि विलसन्तं न गतिरतितनावम् ।।एहि. ७।।

बोधितमंदं – આ જગતના મંદબુદ્ધિના જીવને ઉપદેશ આપીને સદ્‌બુદ્ધિ આપો છો. सहजान्दं – જીવ માત્રને સહજમાં સુખ આપનારા સહજાનંદ એવા તમારા નામને સાર્થક કરો અને મારા દુઃખોને દૂર કરીને દર્શનનો આનંદ આપો. शासितशामनभटधावम् – તમારા શરણે આવેલા આ તમારા ભક્તનું શાસન કરો. જેમ જગતના ઈશ્વરો એવા કાળ માયા પુરૂષ અક્ષરા આદિનું નિયમન કરો છો. તેમ મારી બુદ્ધિને પણ નિયમન કરીને વિષયોમાંથી રોકીને તમારા સ્વરૂપમાં સ્થિર કરો. અર્થાત તેની રક્ષા કરો. સંસારના વિષય સુખની દોડને અટકાવો અને તમારા દર્શન આપો. प्रोज्झयभवन्तं – સંપૂર્ણ વિશ્વમાં તમે એક જ જ્ઞેય છો, જાણવા યોગ્ય છો કે જેના જ્ઞાનથી જીવાત્માને મોક્ષની પ્રાપ્તિ થાય છે. भुवि विलसन्तं – આ જગતના જીવ પ્રાણી માત્રને સૌ કોઈને પ્રકાશ અને જ્ઞાન આપીને પ્રાણને ટકાવી રાખનારા છો. न गतिरतितनावम् – સંપૂર્ણ જગતના જીવ પ્રાણી માત્રના તથા મારા માટે તમારા સિવાય હે પ્રભુ મારી કોઈ ગતિ નથી અને બીજો કોઈ રક્ષક પણ નથી.

गतसुखलेशे कुमतिनगेशे कुरु करूणां चरणसम्बम् ।
विरहविहीनं कुरु तव दीनं किमिति करोषि विलम्बम् ।।एहि. ८।।

गतसुखलेशे – હે પ્રભુ તમારા દર્શન વિના મારા જીવનમાંથી સુખ માત્રનો નાશ થઈ ગયો છે. कुमतिनगेशे – તમારા સ્વરૂપને યથાર્થ ન ઓળખવારૂપ મહાન કુબુદ્ધિ રૂપે મારામાં અને જગતના જીવમાં હિમાલય પર્વત જેટલું અજ્ઞાન ભરેલું છે. તેના પ્રભાવથી હું તમારા વચનોને સમજી ન શક્યો. कुरुकरुणां – તમારી દયા અને કરૂણાથી જ મારામાં રહેલ અજ્ઞાન દૂર થશે. બીજો કોઈ મારા માટે માર્ગ નથી. चरणसम्बम् – તેથી જગતમાં સર્વત્રથી થાકી હારીને તમારો શરણાગત થઈને ચરણે આવ્યો છું. विरहविहीनं – તેથી હે પ્રભુ તમારા દર્શન આપીને મારા હૃદયમાંથી તમારા વિરહનું દુઃખ દૂર કરો. कुरू – કરો. तव दीनं – તમારો શરણાગત આશ્રિત ભક્ત એવો હું દીનાનાથ ભક્ત. किमिति – શા માટે એવું શું કારણ છે કે करोषि विलम्बम् – આટલો લાંબો દર્શન દેવામાં વિલંબ કરો છો.

ગત ફેબ્રુઆરી ૨૦૧૭ નું અનુસંધાન

## હે પ્રભુ રક્ષા કરો

मरणस्य – અને જીવ માત્રને પોતાના મૃત્યુથી વિજય અપાવો છો. અર્થાત્‌ આપના શરણે આવેલ જીવાત્મા તમારા દર્શન ઉપાસના ભક્તિ અને આશ્રય કરીને મૃત્યુના ભયને ભગાડી શકે છે. जयाय – જેના હૃદયમાંથી ભય ગયો તે નિર્ભય થાય છે. અને તેને જ વિજય કહે છે. તમારા આશ્રયે રહેલાં જીવને મૃત્યુનો ભય નાશ થઈ જાય છે. તેથી જય થાય છે. नित्यदा – સદા સર્વદા કાયમના માટે જ્યાં સુધી આ પૃથ્વી અને બ્રહ્માંડની સ્થિતિ રહેશે ત્યાં સુધી આ તમારૂ દિવ્ય પ્રતિમાં સ્વરૂપ અનંત જીવોને નિર્ભય કરતાં રહેશે તે નિશ્ચિત છે.

હે ભગવાન શ્રી નરનારાયણદેવ આ તમારી મૂર્તિને જે શ્રી સ્વામિનારાયણ ભગવાને બાથમાં લઈને પધરાવીને પ્રાણપ્રતિષ્ઠા કરેલ છે તે જગતના જીવ માત્રના બધાજ પ્રકારના કલિયુગના તાપને અને દુઃખોનો નાશ કરીને આત્યન્તિક મોક્ષ રૂપ મહાસુખ આપે છે. જેથી સદાયને માટે મરણનો ભય નાશ કરીને મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કરાવો છો. એવા હે ભગવાન શ્રી નરનારાયણદેવ હું આપના શરણે આવ્યો છું તો મારી પણ આપ સર્વ પ્રકારે રક્ષા કરીને આપના દિવ્ય અક્ષરધામમાં પહોંચાડો એવી આપના ચરણોમાં પ્રાર્થના કરૂં છું. (૬)

जगदन्यतनुस्तथावितुं धरसित्वं च युगे युगेऽदयवै ।
हरिकृष्णतनुस्त्वया धृता नरनारायणदेव पाहिमाम् ।।७।।

जगदन्यतनुः – જગતમાં તમે આ સિવાય પણ અન્ય શરીર ધારણ કરો છો, આ સમયમાં તમે જે આ દિવ્ય મૂર્તિ સ્વરૂપે તનું ધારણ કરેલ છે. તેવી જ રીતે તમે યુગ યુગ પ્રતિ વિવિધ પ્રકારના શરીરને ધારણ કરીને જીવોને દર્શન આપીને તેનો ઉદ્ધાર કરો છો. तथावितुं તેવી જ રીતે આ ભયાનક કળિકાળમાં પણ धरसित्वं તમે આ દિવ્ય તનુ શરીર ધારણ કરેલ છે. च અને युगेयुगेडदयवै – જે તમે દરેક યુગમાં સત્યુગ, ત્રેતાયુગ દ્વાપરયુગમાં જેમ રામ, કૃષ્ણ, વરાહ આદિક સ્વરૂપ ધારણ કરો છો. તેમ આ કળિકાળમાં તમે हरिकृष्ण જે જે યુગમાં શરીર ધારણ કરો છો. તે તે યુગમાં તે યુગના આપના ભક્તો આપના વિવિધ પ્રકારના નામો આપે છે. અને તે આપેલાં નામથી આપનું ભજન સ્મરણ ભક્તિ ઉપાસના કરે છે. તે પ્રમાણે આ ભયાનક કળિકાળમાં તમે સ્વયં શ્રેષ્ઠ એવું હરિકૃષ્ણ નામ ધારણ કરેલ છે. तनुस्त्वया – હરિકૃષ્ણ નામ ધારી તેનું સ્વયં તમે સાક્ષાત પૂર્ણપુરુષોત્તમનારાયણ સર્વ અવતારના અવતારી એવા શ્રી નરનારાયણ ઋષિ પરંબ્રહ્મ પરમાત્મા પરમેશ્વર એવા તમે જ ધારણ કરેલ છે. धृता – ધારણ કરો છો.

આ પૃથ્વી ઉપર આપ વારંવાર મનુષ્ય અવતાર ધારણ કરો છો. (શાસ્ત્રોમાં ૨૪ અવતારોનું વર્ણન આવે છે તે) દરેકે દરેક યુગમાં જેમ શરીર ધારણ કરો છો તેમ આ ભયાનક કળિયુગમાં પણ આપે જ હરિકૃષ્ણ રૂપે શરીર ધારણ કર્યું છે. એવા હે ભગવાન શ્રી નરનારાયણદેવ હું આપના શરણે

અનુ. પેજ નં. ૧૪ ઉપર

# જેતલપુરધામનો અદ્‌ભુત મહિમા

- ગોરધનભાઈ વી. સીતાપરા
(હીરાવાડી - બાપુનગર)



તા.૨૧-૩ ૨૦૧૭ ને ફાગણ વદ-૮ ના રોજ ઐતિહાસિક તીર્થ ભૂમિ જેતલપુર મંદિરના દેવોનો વાર્ષિક પાટોત્સવ ઉજવાશે. તે નિમિત્તે વિચાર આવ્યો કે, શ્રીહરિ સ્થાપિત નવ મહામંદિરોનો મહિમા જેટલો પ્રકાશિત થશે તેટલા પ્રમાણમાં જગતના ધર્મપ્રેમી મનુષ્યોને અસલ અથવા મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયને ઓળખવામાં સાનુકુળતા વધશે તેમજ આપણને સૌને વિશેષ દ્રઢતા થશે. દિવ્ય સુખ આવશે.

સંવત ૧૮૮૨ તા. ૩૧-૩-૧૮૨૬ ને ગુરુવારના દિવસે શુભ ઘડીએ આપણા સૌના ઈષ્ટદેવ સર્વાવતારી સર્વોપરી શ્રીહરિએ સ્વહસ્તે જેતલપુર મંદિરમાં રેવતી બળદેવજી અને શ્રીહરિકૃષ્ણ મહારાજની સ્થાપના કરી છે. **જે શ્રીહરિના સાચા અથવા ખરેખરા આશ્રિતો હોય તેઓ આટલી વાતમાં મહિમાનો સંપૂર્ણ મર્મ સમજી જાય છે.** સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રી શ્લોક નં. ૧૧૦ માં શ્રીહરિએ પોતાના સ્વરૂપોની ઓળખાણ કરાવતા લખ્યું કે અને વળી તે શ્રીકૃષ્ણ, જે તે **બલભદ્રાદિક**ને યોગે કરીને તે તે નામે કહેવાય છે, એમ જાણવું.

સા.ગુ. વૈષ્ણવાનંદવર્ણી અને સા.ગુ. અવિનાશાનંદવર્ણી રચિત શ્રીહરિલીલા સિંધું ગ્રંથમાં ઉલ્લેખ છે કે બહુનામી શ્રીહરિ જેતલપુર ભૂમિના ખૂબજ વખાણ કરતા હતા. તળાવ (દેવ સરોવર)ની પાળ ઉપર રહેલા વેલીઓ અને વૃક્ષોને જોઈને પ્રભુ ખૂબ રાજી રહેતા હતા. **બધા જ તીર્થોમાં જેતલપુર તીર્થ શિરોમણી મોટામાં મોટું ધામ છે એમ જાણવું. શ્રીહરિ કહે, આ તીર્થ મને અતિ પ્રિય છે. આવી રીતની વાત મારા અંતરમાં મને ખૂબજ પ્રિય લાગે છે. આ જેતલપુરની ભૂમિ ખૂબજ રમ્ય છે.** આ રમ્ય ભૂમિનું મૂળ અતિ વૃક્ષવેલીઓ છે. તે યોગ્ય જ છે. માહોલ (બ્રહ્મ મહોલ)ની મનોહરતા મનને ખેંચનારી છે. જીવને શાંતિ આપનારી છે. શ્રીહરિ દરરોજ સરોવરમાં નહાતા હતા અને ઘનશ્યામ પ્રભુ ગામમાં ઘરોઘર થાળ જમતા હતા. આ ગામમાં શ્રીહરિ ઘરોઘર અનેકવાર પધાર્યા છે. ગામના સિમાડાના ઝાડવે ઝાડવે અનેકવાર ફરેલા છે એવું આ ધામ પવિત્ર છે. **જે સ્થાનમાં અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ મહાપ્રભુ આનંદપૂર્વક હરહંમેશ સુખેથી રહેલા છે. બીજા બધા તીર્થોમાં સ્ત્રી-પુરુષો સૌ એકવાર જાય છે પણ જેતલપુર ધામમાં તો ગમે તેટલો સમય રોકાય તોય ખબર જ નથી પડતી કે કેટલો સમય ગયો. તે સ્થળ છોડવાનું મન જ ન થાય એવુ સુખ છે. જેવુ ફળ જગતના તીર્થોમાં જવાથી મળે છે, કાશી આદિ તીર્થોમાં જાય તેનાથી મોક્ષ નથી થતો અને જેતલપુર તીર્થમાં જે જન મહિમાથી જાય છે તેને ત્યાં મૃત્યુ પછી અક્ષરધામમાં સ્થાન મળે છે. એવું મહાન તીર્થ છે.**

**શ્રી સહજાનંદસ્વામી પોતે જ પોતાના આશ્રિત સંતજનો અને ભક્તજનોને સાંભળતા કહેતા હતા કે આ પવિત્ર પુણ્યવાળા જેતલપુર ધામના પ્રમાણમાં અતિ પવિત્ર છે. આ ધામ ગોકુળથી તો સો ગણું મહાન ધામ છે તથા મથુરાથી તો અતિ અધિક મહાન શ્રેષ્ઠ છે. આના સમાન તો દ્વારકાપુરી પણ ન થાય અને ગંગા યમુનાથી પણ આ અધિક મહાન જાણવું. ઉજ્જૈન તીર્થ કરતા પણ આ તો અતિ અધિક મહાન છે. કેમ કે અમે સૌ તીર્થધામમાં આનંદથી નિવાસ કરી છીએ એ આનંદથી દર્શન સુખ આપીએ છીએ.** આ અતિ જળથી ભરપૂર દેવ સરોવરમાં અનેકવાર સ્નાન કરીને જળલીલાઓ કરેલ છે. તથા એના તટ ઉપર આ સુંદર મહેલ શોભે છે તેમાં કાયમ નિવાસ કરીએ છીએ. સુંદર રીતે પગથિયાઓથી બાંધેલા આરામદાયક સુંદર સરોવર તટે કોયલ મોર આદિક પક્ષીઓના મનોહર શબ્દો ટહુકાઓનો અવાજ તથા આસોપાલવનું વૃક્ષ પોતાની છાયાંથી શોકને હરિને અશોક નામ સાર્થક કરે છે. વડ, પીંપળ આદિ અનેક વૃક્ષો વિશ્રામના ધામરૂપે શોભે છે. **(પ્રસાદીની ફુલવાડીમાં તથા બ્રહ્મમહોલમાં, તથા**

**સરોવરના કાંઠે બોરસલી, આસો પાલવ, વડ, પીંપળ, આંબલી આદિક અનેક પ્રસાદીના વૃક્ષો આજે પણ દર્શન આપે છે) એકાંતિક ભક્તોનો અને અમારો જ્યાં નિવાસ થયો છે એટલા માટે જ આ ધામ મને અતિ પ્રિય છે. આની અમારા મુખેથી જ ખૂબ જ શોભાનો વધારો કરેલો છે.**

**જેતલપુર આવીને જે જનો ભાવથી દેવના દર્શન કરે છે, ભૂમિનો સ્પર્શ કરે છે, તેના બધાય પાપો બળી જાય છે. સુખની ઈચ્છાવાળા શાંતિને પામે છે. ત્યાં તનના બધા જ તાપો શાંત થાય છે. ભાવથી દર્શન ભક્તિ કરે છે તે સુખ પામે છે. આ ભૂમિ શ્રીહરિની રમણ સ્થળ છે. આ ભૂમિને શ્રીહરિએ યજ્ઞ કરીને અતિ પવિત્ર બનાવી છે. યજ્ઞમાં ખૂબજ ઘી હોમેલ છે. બ્રાહ્મણોને ખૂબજ લાડુ જમાડેલ છે. તથા દક્ષિણાઓ આપેલ છે. ગંગામા, આસજીભાઈ આદિક અનંત એકાંતિક ભક્તો આ ભૂમિ પર થઈ ગયા છે. આ ભૂમિને નારાયણ ક્ષેત્ર તરીકે ઓળખવામાં આવે છે.**

ફુલવાડીમાં બોરસડીના વૃક્ષની નીચે બેસીને શ્રીહરિએ વચનામૃત કહ્યા છે. **અને વચનામૃતમાં પણ શ્રીહરિએ જેતલપુર ધામનો વૃંદાવન કરતા પણ વિશેષ મહિમા કહ્યો છે.** બાગમાં સુગંધિત પંચરંગી ફૂલોના હારોને શ્રીહરિ કંઠમાં ધારતા તથા પગ ઉપર તોરા ધારતા હતા. ફળોમાં કેળા કળી, નારંગી, લીંબું, ચકોતરા, સેંતુર, દ્રાક્ષ, સીતાફળ, સોપારી, નાળિયેર વિગેરે ફળો શ્રીહરિ જમીને તે અતિ મધુરા પ્રિય ફળો મુનિજનોને પણ આપતા હતા. વાડી તથા સરોવરના કિનારે વૃક્ષો પર રહેલા વિવિધ પક્ષીઓ તેમજ સરોવરમાં રહેલા જળચરો પણ શ્રીહરિની વંદના કરીને પ્રભુના મહિમાને ગાતાં ગાતાં કહેતાં હતા કે **ભળજળના તારણહાર આ પ્રભુ છે.** (વાચક વૃંદ પૈકી જેઓને હજુ સુધી શ્રીહરિની ઓળખાણ થઈ નથી. તેઓએ શીખવું રહ્યું. બહુ મોટો લાભ છે).

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી ભ.ચિ.પ્ર. ૧૩૮ માં લખે છે,

**ધન્ય ધન્ય જેતલપુરગામ, વાલે જેને કર્યું નિજધામ ॥**
**તેમાં મરે પાપી નરનાર, તે પણ ન જાય જમને દ્વાર ॥**
**તેમાં પરચા આપ્યા વાલે બહુ, જાણે છે જન ગામના સહુ ॥**

જેતલપુર ગામ તથા સીમાડામાં જે કોઈ પાપી જીવનું પણ મૃત્યુ થાય તો તેને પણ જમ તેડવા આવતા નથી. એવું શ્રીહરિનું વચન છે. શ્રીહરિના અપર સ્વરૂપ આચાર્ય વર્યોથી, નંદ સંતો તેમજ દાસ સંતોના પદારવિંદથી પણ જેતલપુરની ભૂમિ પવિત્ર બનેલી છે. **આચાર્યવર્યો પૈકી પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શબ્દો છે કે સર્વોપરિ ધામ જેતલપુરનો મહિમા સત્સંગમાં તો વ્યાપક છે પણ પરોક્ષમાં પણ એટલો જ પથરાયેલ છે. મહાપ્રતાપી શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની દિવ્ય મૂર્તિઓમાં બિરાજી શ્રીહરિ સ્વયં મુમુક્ષુઓની શુભ કામનાઓ પૂર્ણ કરી અનંત જીવોને અક્ષરધામના અધિકારી બનાવે છે.**

આજે આપણે જોઈ શકીએ છીએ કે પ્રત્યેક પૂનમે જેતલપુરમાં સકામ, નિષ્કામ, સત્સંગી, બિન સત્સંગી હજારો લોકો દર્શને આવે છે અને દરેકના શુભ મનોરથ શ્રીહરિ પૂર્ણ કરે છે. દિન પ્રતિદિન દર્શનાર્થીઓની ભીડ વધતી જાય છે. નિજ મંદિરમાં મૂર્તિઓની સામેની જગ્યા ઓછી પડે છે. પદયાત્રી ભક્તો પોતાને થયેલા પરચાઓની વાતો કરતા જોવા મળે છે. નિજ મંદિરથી પાછળના મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજની બાજુમાં પધરાવેલ (જે હાલ બહેનોના મંદિરમાં દર્શન આપે છે) જે રાધાકૃષ્ણદેવ (રાધા અને કૃષ્ણ બન્ને શ્યામ) દર્શન આપે છે તે મૂર્તિ પ્રથમ ગંગાબા પૂજતા અને તે ઘણી પ્રાચીન મૂર્તિ છે. શ્રીજી મહારાજ જ્યારે જેતલપુરમા ન હોય, અન્ય સ્થળોએ વિચરણ કરતા હોય ત્યારે શ્રીહરિએ ગંગામાને આપેલા વચનથી આ મૂર્તિમાં પ્રત્યક્ષ રહીને ગંગામાએ અર્પણ કરેલો થાળ, દૂધ પ્રત્યક્ષ જમતા એવી ચમત્કારી આ મૂર્તિ છે. આશજીભાઈનું ઘર, બેની બાનું ઘર, અંબાજી માતાનું મંદિર, ગઢી, વાવ, ઝંડીયો કૂવો, મહોલ, વાડી વગેરે પ્રસાદીના સ્થાનકોની દરેકની અલગ અલગ મહિમા ધરાવતી વાતો છે. યજ્ઞ શાળામાં તો શ્રીહરિએ ૧૮ દિવસનો યજ્ઞ કર્યો છે. ગંગામાનું ઘર મહા પ્રસાદીનું છે. આંબલીના વૃક્ષ નીચે બેસીને શ્રીહરિએ વાંદરાઓ પાસે માળા ફેરવડાવી છે. પાટ પર બેસીને શ્રીહરિએ વચનામૃત કહ્યાં છે. યજ્ઞ સમયે પ્રસાદીના ગઢમાં લાડુ ભર્યા હતા. મંદિરના ચોગાનમાં જ્યાં છત્રી કરીને ચરણારવિંદ પધરાવ્યા છે ત્યાં ગંગામાનું જૂનું ઘર

અનુ. પેજ નં. ૨૫ ઉપર

# નક્કી હરિભક્ત

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા
(અમદાવાદ)

"સૌ કરતાં ભગવાનના ભક્ત થાવું એ ઘણું કઠણ છે, અને ભગવાનના ભક્તનો સમાગમ મળવો ઘણો દુર્લભ છે.'' (ગ.પ્ર.પ્ર.-૧૪)

એનો અર્થ એ જ કે ભગવાનના ભક્ત થવું એ સહેલી વાત તો નથી જ અને એવા ભગવાનના ભક્તનો સમાગમ મળવો એ પણ ઘણું કઠિન છે.

વચનામૃતોની જ્ઞાનવાર્તાઓમાં શ્રીહરિએ ભગવાનના ભક્તનાં ઘણાં ઘણાં પ્રકારો સમજાવ્યા છે. - જેમ કે નિષ્કામ ભક્ત, સકામ ભક્ત, પ્રેમી ભક્તજન, શુરવીર હરિભક્ત, પાકો હરિભક્ત, પ્રાકૃત ભક્ત, એકાંતિક ભક્ત વિગેરે વિગેરે. આ સર્વે ભગવાનના ભક્ત જ કહેવાય પરંતુ સમજણ, નિષ્ઠા અને વર્તન પ્રમાણે પ્રત્યેક હરિભક્તની ભાવના અલગ અલગ હોય છે અને એટલે જ એ પાકો હરિભક્ત છે કે પ્રાકૃત ભક્ત છે ? મીનડિયો ભક્ત છે કે એકાંતિક ભક્ત છે ? એ સમજવા માટે શ્રીહરિએ જુદા જુદા લીટમસ ટેસ્ટ દર્શાવ્યા છે !

ભગવાનના ભક્તનું બિરુદ પામવા માટે શું શું પામવું પડે ?

"ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે.'' (ગ.પ્ર.પ્ર.-૧)

(અર્થાત્ ભગવાનના ભક્તે પ્રથમ તો મન કર્મ વચને કરીને ધર્મકુળને આશ્રિત રહેવું પડે અને તો જ ભગવાનની ઈચ્છાએ કરીને ભાગવતી તનુનો અધિકારી બની શકે.)


"જે ઈર્ષ્યાએ કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તેવી ઈર્ષ્યા નો ભગવાનના ભક્તને સર્વ પ્રકારે ત્યાગ કરવો.'' (ગ.પ્ર.પ્ર.-૪)

(એક સફળ હરિભક્ત થવા માટે ક્યારેય કોઈના ઉપર ઈર્ષ્યા ન કરવી અને એ જ ભગવાનના ભક્તનું મુખ્ય લક્ષણ છે.)

"જેને ભગવાન વિના બીજી કોઈ વાસના ન હોય અને પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય તે એકાંતિક ભક્ત કહેવાય.'' (ગ.પ્ર.પ્ર.-૧૧)

"જે ભગવાનનો ભક્ત હોય તે માયિક પદાર્થને વિષે દોષ બુદ્ધિ રાખીને વૈરાગ્યને પામે અને ભગવાનને સર્વ સુખમય જાણીને ભગવાનમાં વૃત્તિ રાખે તે સારું પરમેશ્વરના ભક્તને પરમેશ્વર વિના બીજે કોઈ ઠેકાણે પ્રીતિ રાખવી નહી.''

"ધર્મનિષ્ઠા, આત્મનિષ્ઠા, વૈરાગ્ય નિષ્ઠા અને ભક્તિ નિષ્ઠા (ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ) આ ચારેય નિષ્ઠા એક ને વિષે વર્તે તેને પરમ ભાગવત કહીએ અને એને જ એકાંતિક ભક્ત કહીએ.'' (ગ.પ્ર.પ્ર.-૪૭)



"ભગવાનના ભક્ત હોય તેની વૃત્તિ તો ભગવાન વિના બીજે રહે જ નહિ અને તેને તો એ જ ફિકર રહે જે મારે જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી તો તે ઘણું કઠણ પડશે, માટે પરમેશ્વરના ભક્ત હોય તેને તો જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી તે ઘણી કઠણ છે. માટે જેનો પરમેશ્વરમાં વૃત્તિ ન રહે તે પરમેશ્વરનો ભક્ત નહિ અને તે સત્સંગમાં આવતો હોય તો એ ધીરે ધીરે સંતની વાર્તા સાંભળતાં સાંભળતાં પરમેશ્વરનો ભક્ત થશે.'' (ગ.પ્ર.પ્ર.-૪૯)

(પરમેશ્વરના ભક્ત થવા માટે સત્સંગ અને સંત સમાગમ અનિવાર્ય છે અને સંતની વાર્તા સાંભળતા સાંભળતા પરમેશ્વરમાં વૃત્તિ રાખવાનો મહાવરો વધશે.)

"ગૃહસ્થ હરિભક્ત હોય તે એમ સમજે જે "સંતનો સમાગમ મળ્યો છે તે તો મને પરમ ચિંતામણિ અને કલ્પવૃક્ષ સમાન મળ્યો છે, અને ધન, દોલત, દીકરા, દીકરી એ તો સર્વે સ્વપ્ન તુલ્ય છે અને સાચો લાભ તે સંતનો સમાગમ મળ્યો એ જ છે એમ સમજે અને ગમે તેવું દુઃખ આવી પડે પણ તેણે કરીને પાછો પડે નહિ એવો જે ગૃહસ્થ હરિભક્ત તે અતિ શ્રેષ્ઠ છે.'' (ગ.પ્ર.પ્ર.-૧૪).

(સંત સમાગમ એ જ સાચો લાભ છે અને એમની કૃપા થકી જ જગત સ્વપ્ન અને પરમેશ્વર સત્ય એ સમજાશે).

"સ્વધર્મે યુક્ત એવો જે ભગવાનનો ભક્ત તેના અંતરને વિષે તો પોતાનું યથાર્થ પૂર્ણકામપણું મનાતું નથી અને પૂર્ણકામપણું તો આત્મનિષ્ઠા ને ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન તેણે કરીને જ થાય છે અને એ બેમાં જેટલી ન્યૂનતા રહે છે તેટલી પૂર્ણકામપણામાં ન્યૂનતા રહે છે, માટે એ બે વાનાં ભગવાનના ભક્તને દઢપણે સાધવા.'' (ગ.પ્ર.પ્ર. ૨૫)

'માટે અમે કહ્યાં જે આત્મનિષ્ઠા અને ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન એ બે સાધન તે દઢપણે રાખવાં અને વર્તમાન ધર્મ છે તે તો ભગવાનની આજ્ઞા છે તે જરૂર રાખવા. જેમ કે, બ્રાહ્મણનો ધર્મ છે જે નાવું, ધોવું ને પવિત્રપણે રહેવું..... તેમ સત્સંગી હોય તેને ભગવાનની આજ્ઞામાં ફેર પાડવો નહીં કેમ જે ભગવાનની આજ્ઞા પાળે તો તેની ઉપર ભગવાન રાજી થાય છે અને ભગવાનનું માહાત્મ્યે સહિત જ્ઞાન તથા વૈરાગ્યે સહિત આત્મજ્ઞાન એ બેની અતીશે દઢતા રાખવી અને પોતાને વિષે પૂર્ણકામપણું સમજવું જે હવે મારે કાંઈ ન્યૂનતા રહી નથી.' એમ સમજીને નિરંતર ભગવાનની ભક્તિ કરવી અને પોતાને

અકૃતાર્થપણું પણ માનવું નહિ.'' (ગ.પ્ર.પ્ર.-૨૫)

''સારા જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષય તેનો 'જેમ દુઃખદાયક વસ્તુનો સહેજે અભાવ રહે છે તેમ જેને અભાવ રહે છે. અને એક પરમેશ્વરના સ્વરૂપને વિષે અચળ નિષ્ઠા વર્તે છે તેને પાકો હરિભક્ત જાણવો. તે એવો પાકો હરિભક્ત થયાનો તો એ જ ઉપાય છે જે, પરમેશ્વરના દાસનો ગુલામ થઈને રહે, અને એમ જાણે જે, **'એ સર્વે ભક્ત મોટા છે ને હું સર્વથી ન્યૂન છું'** એમ જાણીને હરિભક્તનો દાસાનુદાસ થઈ રહે એવી રીતે જે વર્તે તેના સર્વે વિકાર નાશ પામે અને દિવસે દિવસે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક જે શુભ ગુણ તે વૃદ્ધિ પામતા જાય છે. (ગ.પ્ર.પ્ર.-૫૮)

પાકા હરિભક્ત બનવાનો આ સૌથી સરળ છતાંય ઉત્તમ ઉપાય શ્રીહરિએ સમજાવ્યો છે. ''સર્વે ભક્ત મોટા ને હું સર્વથી ન્યૂન'' આવી ભાવના સાથે સત્સંગમાં રહેવાથી હળવા ફુલ બનીને રહેવાય છે. કાંઈ કહેતાં કશાયનો ભાર રહેતો નથી અને હરહંમેશ સત્સંગમાં દિવ્ય ભાવ જળવાઈ રહે છે. આપણું છે પણ શું ? શું રૂપ આપણું છે ? વૈભવ આપણો છે ? જ્ઞાન આપણું છે ? ના આપણું કશું જ નથી. સત્સંગમાં આવ્યા અને સત્સંગ ઓળખાયો તે થકી પરમેશ્વર એવા પ્રગટ પુરુષોત્તમ નારાયણ ઓળખાયા અને એમની કૃપા થકી જ આ બધું આપણે પામ્યા છીએ એટલે હરિભક્તોએ પરસ્પર હેતભાવ રાખવો અને પોતાના કોઈપણ ગુણનું જે માન તેનો ત્યાગ રાખવો. ''સાચા સગા સત્સંગી જાણો, આ લોક પરલોકના પ્રમાણો તે શું વઢી ન કિજીયે વેર, માંહો માંહિ ન વાવીયે ઝેર.'' (ભક્ત ચિંતામણિ-૧૫૪)

પરમેશ્વરના ભક્ત વિષે તો કંઈ કેટલાય ગુણ ધર્મો શ્રીહરિએ વચનામૃતમાં આલેખ્યા છે. વળી ભગવાનના એવા આદરણીય ભક્તને માટે એક સુંદર શબ્દ શ્રીહરિએ નીરૂપ્યો છે. ''નક્કી ભક્ત'' (ગ.પ્ર.પ્ર.-૭૭)

સંસાર વ્યવહારમાં કોઈ નકામો માણસ હોય તેને વિષે કહીએ છીએ કે ''જવા દો ને એ તો નાંખી દેવા જેવો માણસ છે.'' પરમેશ્વર શ્રીહરિની શુધ્ધ ઉપાસનાને પામ્યા પછી નાંખી દેવા જેવા ભક્ત બનવું છે કે ''નક્કી હરિભક્ત'' થવું છે એ આપણે વિચારવાનું છે.

એટલું ચોક્કસ કે નક્કી હરિભક્ત હોય તે આ લોક ને વિષે તો સુખિયો થાય છે જ પરંતુ પરલોકમાં પણ સુખિયો થઈને રહે છે !

''વિમુખ તો સારી રીતે દેહ મુકે અથવા ભુંડી રીતે મુકે પણ નરકે જ જાય, અને ભગવાનનો ભક્ત હોય તે બોલતો બોલતો દેહ મૂકે અથવા ઝંખ્યા જેવું બોલીને દેહ મુકે અથવા શૂન્ય મૌન રહીને દેહ મૂકે પણ તેનું કલ્યાણ જ છે, પણ એમાં કાંઈ સંશય નથી, એમ ભગવાનના ભક્તને જાણવું અને ભગવાનનો ભક્ત હોય તેને અંત સમયે સ્વપ્રાદિકને યોગે કરીને ઉપરથી પીડા જેવું જણાતું હોય પણ એને અંતરમાં તો ભગવાનને પ્રતાપે કરીને અતિ આનંદ વર્તતો હોય. માટે **નક્કી હરિભક્ત** હોય ને અંત સમયે લાવાં ઝાંખાં કરતો થકો દેહ મૂકે પણ એના કલ્યાણમાં લેશ માત્ર સંશય રાખવો નહિ.'' (ગ.પ્ર.પ્ર.-૭૭)

નક્કી હરિભક્તનાં અન્ન વસ્ત્રાદિક તથા કર્માધીન દુઃખોને તો શ્રીહરિ દૂર કરે જ છે પરંતુ એનું કલ્યાણ પણ નક્કી જ કરેલું છે. આવા અપાર સામર્થીયુક્ત શ્રીહરિના આશ્રયે રહેવું એજ સાચા અને પાકા હરિભક્તનું લક્ષણ છે.

અનુ. પેજ નં. ૧૦ નું ચાલુ

આવ્યો છું તો મારી પણ આપ સર્વ પ્રકારે રક્ષા કરીને આપના દિવ્ય અક્ષરધામમાં પહોંચાડો એવી આપના ચરણોમાં પ્રાર્થના કરું છું. (૭)

विधिशंभुमुखामर व्रजश्चरणौ ते सततं समर्चंति ।

परमादरतश्च चिन्तति नरनारायणदेव पाहिमाम् ॥८॥

विधिशंभुमुखामर – વિધિ બ્રહ્માં શંભુ શિવજી જેમાં મુખ્ય છે. એવા અમર લોકમાં રહેનારા અમર દેવતાઓ સદાને માટે બીજા બધા કાર્યોને છોડીને તમને પ્રસન્ન કરવા માટે. व्रजश्चरणौ – તમારા આ દિવ્ય બેય સ્વરૂપોના ચરણે શરણે તત્કાળ જ આવીને તે ચરણોનું પૂજન અર્ચન કરીને આશ્રય કરે છે. ते – સર્વે જેના પણ નામ લેવામાં આવે તે સર્વે દેવતાઓ. सततं – અવિરત એક પણ અવસરને છોડ્યા વિના તમારા ચરણોને समर्चंति – અર્ચન કરે છે પૂજે છે. તે પણ જેમ કોઈ પતિવૃતા સ્ત્રી પોતાના પતિનું પ્રેમ સ્નેહથી સેવા કરે છે તેમ. परमादरतश्च – તેવી જ રીતે અંતઃકરણના ભાવ પ્રેમ શ્રદ્ધા અને આદર પૂર્વક તમારા આ દિવ્ય સ્વરૂપનું રાત્રી દિવસ અખંડ चिन्तति – ચિન્તવન કરે છે. પોતાના મન અને ચિત્તની વૃત્તિઓને તમારા સ્વરૂપમાં જોડી રાખે છે.

મોટા મોટા દેવો શિવ અને બ્રહ્માજી તથા ઈન્દ્રાદિક દેવો પણ આપના ધારણ કરેલા તે હરિકૃષ્ણ રૂપ મનુષ્ય શરીરમાં વિચરણ કરતાં આપની વારંવાર સ્તુતિ અને પ્રાર્થના કરે છે. અને સ્મરણ ચિન્તન કરતાં કરતાં અર્ચન પૂજન કરે છે. એવા હે ભગવાન શ્રી નરનારાયણદેવ હું આપના શરણે આવ્યો છું તો મારી પણ આપ સર્વ પ્રકારે રક્ષા કરીને આપના દિવ્ય અક્ષરધામમાં પહોંચાડો એવી આપના ચરણોમાં પ્રાર્થના કરૂં છું. (૮)

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારે થી....

આપણા મ્યુઝિયમ ને ૭ વર્ષ પૂરા થયા અને ૭ વર્ષ પહેલા રોપેલા વૃક્ષ આજે ઘટાદાર બની ગયા છે. ૭ વર્ષની ઋતુઓના બદલાવ સહન કરવા છતાં મ્યુઝિયમની મજબૂત દિવાલ આજે પણ નવી જ લાગી રહી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ફાગણ સુદ-૩ ને શ્રી નરનારાયણદેવના પાટોત્સવ દિને મ્યુઝિયમનો વાર્ષિક દિન મ્યુઝિયમનાં આંગણે ઉજવવામાં આવ્યો. બપોરે ૩:૦૦ કલાકે લગભગ ૧૫૦ જેટલા યજમાનો સજોડે મ્યુઝિયમના મુખ્ય હોલ એવા આઠ નંબરના હોલમાં મહાપૂજાના પાટલા પર ગોઠવાઈ ગયા હતા. સમગ્ર ધર્મકુળના સાનિધ્યમાં બે કલાક ચાલેલી મહાપૂજાનો દિવ્ય લાભ સૌ યજમાનોએ હરખભર લીધો હતો. ત્યારબાદ ૧૨ નંબરના હોલમાં નાની પરંતુ શિસ્તબધ્ધ અને દિવ્ય સત્સંગ સભા ધર્મકુળના સાનિધ્યમાં થઈ. યજમાનો નું યથાયોગ્ય સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ નવા બનાવેલા એ.સી.હોલમાં સૌ સંતોએ પ્રસાદ ગ્રહણ કર્યો. તેના દિવ્ય દર્શન કરી લગભગ ૩૦૦૦ જેટલા હરિભક્તોએ પણ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. ત્યારબાદ સત્સંગના સગાં ફરી મળવાના કોલ સાથે છુટા પડ્યા.

આપણા મ્યુઝિયમમાં આપણી અંદર જે ઉગે છે તેવું જ કાંઈ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાકટ્ય ભૂમિ છપૈયામાં પણ ઉગી નીકળે છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીની વસ્તુઓના સ્પંદન અને તેમની પ્રસાદની વસ્તુઓના સ્પંદન એક સરખાજ હોય તેવો અનુભવ થાય છે. આ રીતે મ્યુઝિયમનો સંબંધ છપૈયાની ભૂમિ સાથે રહ્યો છે.

આપણા મ્યુઝિયમમાં દર રવિવારે સાંજે શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા વચનામૃતની કથાનું પાન કરાવાય છે. તે કથાનો નિયમિત લાભ લેતા હરિભક્તો અને આપણા મ્યુઝિયમ દ્વારા હાલમાં છપૈયામાં સત્સંગિજીવન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ ૫૦૦ જેટલા હરિભક્તો અહિંથી ગુજરાતથી ટ્રેન દ્વારા છપૈયા પહોંચ્યા હતાં અને કથા દરમ્યાન આવતા શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, ગાદી અભિષેક અને મૂર્તિ પ્રતિષ્ઠાના પ્રસંગો ઉપરાંત છપૈયા ના બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો અભિષેક, અન્નકૂટ વગેરે ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવ્યા હતાં. પ.ભ.શ્રી રતીભાઈ ખીમજીભાઈ પટેલે કથાના યજમાન પદનો લાભ મેળવ્યો હતો.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ફેબ્રુઆરી-૨૦૧૭

| | |
|---|---|
| રૂા. ૨૧,૦૦૦/- | ધર્મેન્દ્રભાઈ ભાઈલાલભાઈ પટેલ - સોલા રોડ, અમદાવાદ. |
| રૂા. ૧૧,૨૨૦/- | ડૉ. અરવિંદભાઈ પટેલ - ડેટ્રોઈટ. |
| રૂા. ૧૦,૦૦૦/- | મુક્તાબેન અમૃતલાલ પટેલ (ડાંગરવાવાળા) - રાણીપ. |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ, અમદાવાદ. |
| રૂા. ૫,૦૦૦/- | શેલત એસ. પરિવાર - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | શનાયા શેલત પરિવાર - અમદાવાદ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી ફેબ્રુઆરી-૧૭

| | |
|---|---|
| તા. ૦૧-૦૨-૨૦૧૭ | જનકબેન પ્રવિણભાઈ પટેલ - સોજીત્રાવાળા -હાલ નવાવાડજ. |
| ૧૦-૦૨-૨૦૧૭ | (સવારે) અ.નિ. સેંધાલાલ કરશનભાઈ પટેલ - બોપલ - હ. અરવિંદભાઈ પટેલ |
| | (૧૧ વાગે) શ્રી રતિલાલ જયરામભાઈ દેસાઈ - નરોડા. |
| ૧૪-૦૨-૨૦૧૭ | શ્રી અલ્પેશભાઈ રતિલાલ પટેલ - યુ.એસ.એ. |
| ૨૦-૦૨-૨૦૧૭ | શ્રી પરેશભાઈ ભાઈલાલભાઈ પટેલ - યુ.એસ.એ. - હ. ભાઈલાલભાઈ પટેલ |
| ૨૨-૦૨-૨૦૧૭ | વિનસ વાલજી પિંડોરીયા - લંડન - હ. વનરાજ ભગત |
| ૨૫-૦૨-૨૦૧૭ | (સવારે) શારદાબેન ચુનીભાઈ પટેલ - પંડોળીવાળા-યુ.કે. - હ. શૈલેષભાઈ તથા દિમેષભાઈ. |
| | (સવારે) ડૉ. જી.કે. પટેલ મહેસાણા - હ. કુસુમબેન તથા બ્રિજેશકુમાર - યુ.એસ.એ. |
| | (બપોરે) ઉષાબેન મુકેશકુમાર પટેલ - જુનાવાડજ - હ. રવિન્દ્ર કનુભાઈ પટેલ. |
| ૨૬-૦૨-૨૦૧૭ | (સવારે) શ્રી ભરતભાઈ રમણભાઈ પટેલ - મોખાસણવાળા - યુ.એસ.એ. |
| | (૧૧ વાગે) રોકનભાઈ વિષ્ણુભાઈ પટેલ - મોખાસણવાળા - યુ.એસ.એ. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૯૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## ભગવાન ભાવના ભૂખ્યા છે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

બહુ ધ્યાનથી વાંચવા જેવી વાત છે ! માણસની જીંદગી બે વસ્તુથી શોભે છે. એક ભાવ અને વિવેક. બીજુ કાંઈક કદાચ ઓછું હોય તોય ચાલે પણ આ બે સદ્‌ગુણો ખાસ જોઈએ. ભાવ અને વિવેક એમાં ભક્તિ માર્ગમાં ભાવ જરૂર જોઈએ અને વ્યવહારમાં વિવેક જોઈએ. જેમાં ભાવ ન હોય અને વિવેક પણ ન હોય એને તો સાવ અબુધ જેવો કહેવાય.

સંસારમાં ઘણી જગ્યાએ ભાવ ચાલે. જેમ કોઈ ભાઈ મોટો અધિકારી હોય, મોટો અમલદાર હોય, જેનું દરરોજ નામ આવતું હોય, આવો કોઈ મોટો માણસ હોય એની પાસે આપણે જઈએ તો વિવેકથી બોલવું પડે, વિવેકથી વર્તવું પડે, વિવેકથી બેસવું પડે. પણ આવા મોટા અધિકારીનો નાનો પુત્ર હોય એને પોતાના પિતાનો હોદ્દો ન નડે. એ ભાવથી વર્તે એ સીધો ખોળામાં જઈને બેસે તો એને કશો વાંધો નથી આવતો. એને એમ ન થાય કે આ મારો પિતા મોટો આઈ.એસ.એસ. ઓફિસર છે કે મોટો સાહેબ છે. એને તો એમ જ છે કે આ મારો પિતા છે. ત્યારે પિતાને એમ જ છે કે આ મારો પુત્ર છે. ત્યાં ભાવ ચાલે.

ક્યાંક વિવેક ચાલે. ઘરમાં ઓચિંતા અહીંથી જાવ અને પાંચ પાંચ જણા આવીને ઉભા રહે, કહે જય સ્વામિનારાયણ ત્યારે એમ થાય કે માર્યા ઠાર. હમણાં બે કોથળી દૂધ ઉપડી જશે. છતાં ત્યાં વિવેકને આગળ લાવવો પડે. આવો આવો વાહ ! વાહ ! બહુ સારું, બહુ દાંડે આવ્યા. બોલાવવા પડે. બેસાડવા પડે. બે દિવસ પછી જાય ત્યારે ઘરનું માણસ શું કહે ખબર છે, આ વખતે તમે એકલાં આવ્યા. આવતી વખતે કાકીનેય લેતા આવજો. અંદર તો એમ થાય હાશ ! હનુમાનજીની મહેરબાની કે તમે અહીંથી ગયા. પણ છતાં વિવેક બતાવવો પડે કે આ વખતે ભલે એકલા આવ્યા પણ બીજી વખત એકલા ના આવતા. કાકીને, દીકરાને બધાંને લઈને આવજો અહીંયા બગીચો સારો છે. એટલે બધાને મજા આવશે. આ બધું વિવેક બોલે છે. અંદર ભાવ તો નથી. ઘરની બહાર પગલૂછણીયું હોય એમાં લખેલું હોય છે ‘વેલકમ’ અથવા ઘણા લખે ‘ભલે પધાર્યા’. ઘણા દિવાળીએ રંગોળી પૂરે, સુસ્વાગતમ્ પણ આ બધા શબ્દો વિવેક માટે વપરાય છે. કોઈ અજાણ્યો માણસ તમારું બારણું ખખડાવે એટલે તરત કહે કેમ ભાઈ શું કામ છે ? આ તો તમે લખ્યું છે ને ભલે પધાર્યા એટલે આવ્યા. તારા માટે થોડું લખ્યું છે આ તો જરા શોભે એટલે લખ્યું છે તને બોલાવવા માટે નથી લખ્યું. આ બધો વિવેક સંસારમાં, વ્યવહારમાં શોભે છે. ભાવ હોય કે ન હોય પણ વિવેકથી ગાડું ગબડતું જાય છે પણ ભક્તિમાર્ગમાં બહુ વિવેકની માથાકૂટ ન કરવી.

સત્સંગમાં ભાવથી આવવાનું. જેમ બાળક તેનો પિતા મોટો અધિકારી હોય તો પણ ખોળામાં બેસી જાય. એમ અહીં આગળ કથામાં, દર્શનમાં ભાવ, ભજનમાં ભાવ, ભગવાન અને સંતોમાં ભાવ હોય કે આ અમારા આત્માના સગા છે એમની મોટાઈ પ્રત્યે નહીં જોવાનું. અમારા જ છે એ ભાવ સત્સંગમાં શોભાડે.

જેમ જમવાની બે વસ્તુ છે કેળાં અને મૂળો. મૂળો તીખો લાગે તો એમાં કંઈ ખાંડ ન નખાય. અને કેળામાં મીઠું ન નંખાય. કેળામાં ખાંડ નંખાય અને મૂળામાં મીઠું નંખાય. એમ વ્યવહારમાં વિવેક નંખાય. અને ભક્તિમાં ભાવ ઉમેરાય. ભાવ હોય તો ભક્તિ મીઠી લાગે. તમારી ભૂલો ગમે તેટલી હોય પણ ભાવ હોય તો ભગવાન ભૂલો માફ કરી દે. કડવા વચન પણ મીઠા લાગે. જો ભાવથી બોલાય તો ! માટે ભજન કરો, ભક્તિ કરો, સેવા કરો, સત્સંગ કરો સદ્‌ભાવથી કરો.

**“ભાવ સહિત ભુધરજીને ભેટી**
**ચરણે લાગી હું તો લળી લળી.”**

ભાવ ગ્રાહી જનાર્દનમ્.

વ્હાલા બાળમિત્રો, સત્સંગમાં ભાવ જીતી જાય છે. વિવેકનો ભભકો સત્સંગમાં જીતતો નથી. તેમ છતાં જરૂર પૂરતો વિવેક માણસને દરેક ક્ષેત્રમાં શોભાડી આપે છે. માટે જ કહ્યું છે કે ‘વિવેક દસમો નિધિ.’’

## ભક્તમાં શૂરવીરતા જોઈએ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

વાત સતયુગની હોય કે કળિયુગની હોય પણ એક વાત તો દરેકમાં એક સરખી જ લાગુ પડે છે. અને તે છે શૂરવીરતા. સાચા શૂરવીર જ કામ કરી શકે. બાકી ઢીલાપોચાનું કામ જ નહી. જીવનમાં કોઈપણ બાબત હોય કોઈપણ કાર્ય હોય પણ શૂરવીરતા વિના કાંઈ જ થઈ શકે નહી. ભગવાનની ભક્તિ પણ શૂરવીરતા વિના થઈ શકતી નથી. બ્રહ્માનંદ સ્વામી એટલા માટે જ કહે છે કે - ''હરિનો મારગ છે શુરાનો'' ઢીલાપોચા હોય તે ભક્તિ પણ કરી શકે નહી. ભક્તિ કરવી હોય ને કોઈ શું કહેશે ! આવું તે કેમ થઈ શકે !... આવા ઢીલાપોચા હોય તેનું કામ જ નહીં. પોતાના ઈષ્ટદેવના નામ પર તન કુરબાન કરી દેવાની તૈયારી હોય તે જ ભક્તિને શોભાવી શકે છે.

વાત છે કોટેશ્વરની સાબરમતી નદીના કિનારે વસેલું કોટેશ્વર ગામ, તેમાં આવેલું કોટેશ્વર મહાદેવજીનું ઉંચું દેરું. આવા જ એક શુરવીર ભક્તની ગાથા ગાતું ઉભું છે. આ ગામનો શૂરવીર ભક્ત કે જેનું નામ ઝવેર. જેવું નામ એવા જ ગુણ. જાણે સાચું ઝવેરાત જોઈ લો. એકવાર સંતો વિચરણ કરતા કરતા સાબરમતીના કાંઠે ઉતરેલા. રાત્રે ભજન કર્યા, કીર્તનો ગાયાં, કથા કરી, ધ્રુવ-પ્રહલાદ આદિ ભક્તોના આખ્યાનો સંભળાવી સંતો ઉપદેશ આપતા હતા કે પ્રભુ ભજીલો. ઈષ્ટદેવ પ્રગટ પ્રમાણ શ્રીહરિનું શરણ સ્વીકારી ધન્ય બનો. સાધુ-સંતો થોડા દિવસ રોકાયા. દરરોજ આવી સુંદર વાતો થાય. ગામજન ઘણા આ કથામાં બેસતા પણ એમાંથી આ ઝવેરનું જીવન સંતોની વાત સાંભળી બદલાઈ ગયું. બધાને ઉપદેશની અસર જલ્દી થતી નથી. જગતમાં દેખાય છે કે સારી વસ્તુની અસર જલ્દી થતી નથી. પણ નઠારી, ખરાબ વસ્તુની અસર જલ્દી થતી હોય છે. પણ જે મુમુક્ષુ જીવ હોય તો તેને કથા-વાર્તા, સત્સંગની અસર તર્તજ થઈ જાય છે.

આ ઝવેર ભક્ત પૂર્વના મુમુક્ષુ જીવ હતા. તેથી સદ્‌પદેશની અસર થઈ અને સંતો પાસેથી કંઠી બંધાવી વર્તમાન ધારણ કર્યા. બે-ચાર, પાંચ દિવસે સંતો તો ત્યાંથી ચાલતા થયા. પણ ઝવેર ભક્તમાં સત્સંગનું બળ મુકતા ગયા. દરરોજ સવારે વહેલા ઉઠી ઝવેર ભક્ત સાબરમતી નદીમાં સ્નાન કરવા જાય. રસ્તામાં જતા આવતા મૂંગા મોઢે નહીં પણ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન તે પણ ઉચ્ચ સ્વરે ગાતા જાય. ઘણા આ સાંભળી રાજી થાય તો ઘણા અવળી બુધ્ધિના જે હતા તેના પેટમાં તેલ રેડાય. ગમે તે રીતે આ ઝવેરને નામ સ્મરણ કરતો બંધ કરવો તેવા મનસુબા સાથે આ દુર્જનો ઝવેરને પજવવા લાગ્યા. કહે છે - તારા સ્વામિનારાયણ ભગવાન ખોટા અને તારી ભક્તિ પણ ખોટી.

શૂરવીર કોનું નામ ! ઝવેર ભક્ત નિડરતાથી જવાબ આપી દેતા કે મારા સ્વામિનારાયણ ભગવાન સાચા છે અને તેમની ભક્તિ સાચી છે. આ દુર્જનોએ ભેગા મળી કાવતરૂં રચ્યું. એક દિવસ ઝવેરને કહે - તું કહે છે કે તારા સ્વામિનારાયણ સાચા છે. તું અને તારા ભગવાન જો સાચા હોય તો આ કોટેશ્વર મહાદેવનું ખૂબ ઉંચું દહેરું છે તેના ઉપરથી નીચે પડતું મુક. તું કહે છે તે મુજબ તારા સ્વામિનારાયણ સાચા હશે તો તને કાંઈ જ નહી થાય. પછી અમે બધા પણ તારી જેમ ભજન કરવા લાગીશું.

ઝવેર ભક્ત તો નિડરતાથી, સહેજે ગભરાયા વિના પ્રભુ બળ હૃદયમાં ધારી સડસડાટ ઉંચા દહેરા ઉપર ચઢી ગયા. આ બાજુ દૂર્જનો મનમાં ખૂશ થવા લાગ્યા કે આજે આપણું કામ થઈ જશે. આ ઝવેરનો બારોબાર કાંટો નીકળી જશે. અને આ ઝવેર ભક્તે તો - ''મેલ્યું ત્યાં થકી પડતું તન, સ્વામિ..... સ્વામિ....... કરતાં ભજન'' ભગવાનના નામ સ્મરણ સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ..... કરતાં કરતાં જય જયકાર સાથે ઝવેર ભક્તે તો પડતું મેલ્યું. એટલા ઉંચા દેરા પરથી પડે તો ભુક્કા નીકળી જાય પણ ઝવેર ભક્તને તો ઉની આંચ પણ ન આવી. જાણે સ્વામિનારાયણ ભગવાને ભક્તને ઝીલી લીધા. હવે શું કરે !! સદાને માટે દુર્જનોના મોઢાં ચૂપ થઈ ગયા. પણ આ દ્રશ્ય જોનારા બીજા ઘણા ગ્રામવાસી મુમુક્ષુઓ શ્રીહરિના આશ્રિત બન્યા.

મિત્રો ! ખ્યાલ આવ્યો ? ભગવાન કોની સહાય કરે ? જેને પ્રભુના નામ પર પોતાનું સર્વસ્વ કુરબાન કરી દેવાની તૈયારી હોય તેવા શૂરવીર ભક્તની રક્ષા શ્રીહરિ સ્વયં કરે છે. તેવા ભક્તને બીજું કાંઈ કરવું બાકી રહેતું નથી. તો આપણે પણ આ વાત પરથી ઝવેર ભક્ત જેવી શૂરવીરતા પ્રાપ્ત કરી શકીએ તેવી ઈષ્ટદેવ શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના સાથે જય સ્વામિનારાયણ......

## ભક્તિસુધા

# પરમ પૂજ્ય ગાદીવાળાશ્રીનું સત્સંગમાં વિચરણ



સર્વોપરિ સર્વ અવતારના અવતારી આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને આ સંપ્રદાયની એવી સુંદર પ્રણાલિકા-પરંપરા સ્થાપી છે જે, આ બ્રહ્માંડ પર્યન્ત અવિરત ચાલું રહેવાની છે.

ત્રણ ગૂઢ સંકલ્પો પૈકી આચાર્યશ્રીનું સ્થાન સંપ્રદાયમાં અતિ ઉંચું અને શ્રેષ્ઠ અને અલૌકિક છે. આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી દ્વારા જે જે સત્સંગની પ્રવૃત્તિ થાય છે તે તો આપણે સૌ શ્રી સ્વામિનારાયણ માસિકના માધ્યમથી જાણીએ છીએ. પરંતુ સમસ્ત બહેનોના ધર્મગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી દ્વારા સત્સંગની પ્રવૃતિથી લગભગ કોઈ જાણતા ન હોય તે સ્વાભાવિક છે. કારણ કે તેઓશ્રી શ્રીહરિની બાંધેલ મર્યાદા-અનુવૃતિમાં સદાય વર્તે છે અને બહેનોને પણ વર્તાવે છે. સને ૨૦૧૧ થી લઈ સન ૨૦૧૬ દરમ્યાનમાં શ્રી નરનારાયણદેવ દેશના ગામોમાં કુલ ૩૧૦૮ સત્સંગ સભા તેઓશ્રીની નિશ્રામાં થઈ છે અને તે અવિરત ચાલુંજ છે. રાત દિવસ સહેજ પણ આરામ, ટાઢ, તડકો, વરસાદ હોય કે ગમે તેવી પરિસ્થિતિમાં પણ સત્સંગનું પોષણ કેમ થાય અને વધુ ને વધુ મુમુક્ષુ જીવ ભગવાનને શરણે આવે તો તેનું સહેજે કલ્યાણ થાય-સુખી થાય આવો

ઉમદા હેતુ, એકનું નહીં અનેકનું સુખ કેમ થાય તે તો ધર્મકુળમાં જ જોવા મળે. ઉપરના સત્સંગ સભાના આંકડાનો વર્ષનો ૫૦૦ અને દર માસની ૫૦ એટલે દૈનિક પ્રોગ્રામ વિચારો ! કેટલા થાય. પોતાના નિવાસ સ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રી કે પૂ. શ્રીરાજા માટે પણ સમય કાઢવાનો અને સત્સંગ અર્થે પણ ! સાંખ્યયોગી બાઈઓ દ્વારા મહિલા પારાયણ પણ અવાર-નવાર થાય છે. જેની વિગત આ લેખમાં સામેલ છે. પૂ. શ્રીરાજા તો સાવ નાના બાળક કહેવાય છતાં તેમની અધ્યક્ષતામાં પણ બાલિકા શિબિરનું સુંદર આયોજન કરવામાં આવે છે. જેમની પ્રવૃતિની યાદી પણ સામેલ છે. પ.પૂ. ગાદીવાળાશ્રી તો પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. શ્રીરાજા સાવ નાના હતા ત્યારે પણ વહેલી સવારે કચ્છના ગામોમાં ૪૦૦-૫૦૦ કિલો મિટરના પ્રવાસમાં સત્સંગની અનેકવિધ પ્રવૃત્તિઓ જેમ તેમ નહીં પણ સંપૂર્ણ ઉત્સવ પોતે માણે અને આશીર્વાદ સાથે હજારો બહેનોને ગુરુમંત્ર, વર્તમાન ધરાવે આદિ પ્રવૃતિ પૂર્ણ કરીને રાત્રે પરત પધારતા. કેમ કે પૂ. શ્રીરાજા અને લાલજી મહારાજ એકલા ન થઈ જાય.

સત્સંગ અને ધર્મની પ્રવૃતિ તો તેઓશ્રીના શિરે છે એટલે તેઓશ્રી તે પ્રવૃતિ તો સતત કરતા હોય છે. પરંતુ સમાજ સેવાની સુવાસ પણ તેઓશ્રીની કમ નથી. ધર્મકુળમાં તો આમેય ખૂબજ દયાળુતા, લાગણીશીલતા, સંતોષીપણું અને ભોળપણ સહેજે રહેલું છે. એટલે કોઈ ગરીબને જુએ એટલે તેઓશ્રીમાં કરૂણા ઉપજે અને જ્યાં સુધી તેમને મદદ ન કરે ત્યાં સુધી ચેનથી ઉંઘે પણ નહી. છેલ્લા ઘણા સમયથી અમદાવાદ અને આસપાસના અનેક અંધજન મંડળના પ્રજ્ઞાચક્ષુઓને આપણા કાલુપુર મંદિરમાં જમાડવા, તેમને વસ્ત્રો આપવા, દર્શન કરાવવા, શાકોત્સવમાં પણ દર્શન-પ્રસાદનો લાભ આપવો,

## પરમપૂજ્ય ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં થયેલ શિબિર

૧. કુકરવાડા, ૨. બાલવા, ૩. ઉનાવા, ૪. પ્રતાપપુરા, ૫. પિપળજ, ૬. માણેકપુર (ચૌધરી), ૭. મકાખાડ, ૮. ઈશ્વરપુરા, ૯. બદપુરા, ૧૦. માણસા, ૧૧. બાપુપુરા, ૧૨. ઈટાદરા, ૧૩. ઈન્દ્રપુરા, ૧૪. સોજા, ૧૫. મોખાસણ, ૧૬. વસઈ, ૧૭. સમો, ૧૮. લાંઘણજ, ૧૯. મેઉ, ૨૦. ડાંગરવા (પાટીદાર), ૨૧. ડાંગરવા (વાંટો), ૨૨. વડુ, ૨૩. ઓળા, ૨૪. આનંદપુરા, ૨૫. કડી, ૨૬. મારૂસણા, ૨૭. મોટપ, ૨૮. મહેસાણા, ૨૯. મોટેરા, ૩૦. આદરજ, ૩૧. નાંદોલ, ૩૨. વહેલાલ, ૩૩. પરઢોલ, ૩૪. કનીપુર, ૩૫. લવારપુર, ૩૬. વર્ધાનામુવાડા, ૩૭. કુબડથલ, ૩૮. કુહા, ૩૯. કણભા, ૪૦. નરોડા, ૪૧. બાવળા, ૪૨. કોઠ, ૪૩. કાશીન્દ્રા, ૪૪. ટાંકિયા, ૪૫. ભાત, ૪૬. બળોલ (ભાલ), ૪૭. આનંદપુર (બળોલ), ૪૮. કોટેશ્વર-૨, ૪૯. અડાલજ, ૫૦. બિલિયા, ૫૧. વિજાપુર, ૫૨. ભાણપુર, ૫૩. પીલવાઈ, ૫૪. આજોલ, ૫૫. ઝુંડાલ, ૫૬. દહેગામ, ૫૭. ટોરડા, ૫૮. હિંમતનગર

દૂર સૂદૂર વૃદ્ધાલયમાં રહેતા વૃદ્ધોને પોતાની સાથે બહેનોને લઈને અન્નકૂટ (પ્રસંગોપાત પાટોત્સવ-દિવાળી, જન્મોત્સવ આદિ પ્રસંગે)નો પ્રસાદ પહોંચાડવો, ઉત્તરાયણ મકર સંક્રાંતિના ગરીબ પરિવારોને અનાજનું સુંદર વિતરણ કરવામાં આવે છે. આવા પરિવારો પ્રેમથી અનાજ સ્વીકારીને એટલા રાજી થાય કે તેના જીવનમાં ક્યારેય આનંદ ન મળ્યો હોય તેવો આનંદ અનુભવે, વૃદ્ધો અને અનાથાશ્રમના લોકોને પણ જીવનમાં અદ્‌ભુત અનુભૂતિ જોતા અને જીવનમાં એટલો આનંદ રાજીપો વ્યક્ત કરે ત્યારે આ ધર્મકુળ પણ તેના પર અતિ રાજી થઈ આશીર્વાદનો ધોધ વરસાવે, ભરકુંડા જેવા ઘણા સરકારી શાળાના બાળકોને પુસ્તક, નોટબુક, કંપાસ જેવી અનેક જરૂરી વસ્તુ વહેંચીને તેમની જરૂરિયાત પુરી કરવામાં આવે છે. આવી અનેક સામાજીક પ્રવૃતિ પૂ. ગાદીવાળાશ્રી દ્વારા હાલ પણ ચાલું જ છે. ધર્મકુળ જે કાંઈ કરે છે તે કોઈને જણાવવા સારું નથી કરતા પણ પોતાના દાદા-સ્વયં શ્રીહરિએ તેઓશ્રીને સોંપેલ જવાબદારી નિભાવે છે. તેમને કોઈ પ્રસંશા કે વાહવાહની જરૂર નથી. ફક્ત ને ફક્ત ભગવાન શ્રી સ્વામિનારાયણ રાજી રહે તેજ તેમની અભિલાષા હોય છે.

છેલ્લા ઘણા વરસોથી દર એકાદશીના કાલુપુર મંદિરમાં ગાદીવાળાશ્રીની હવેલીમાં બપોરે ૨-૦૦ થી ૪-૦૦ બહેનોની વિશાળ સત્સંગ સભા થાય છે. આ સભામાં પ.પૂ. ગાદીવાળાશ્રી અચૂક પધારે છે. કથામૃતપાન-શ્રવણ કરી બહેનોને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થાય છે. કારતક સુદ પ્રબોધિની એકાદશીના આખા વરસ દરમ્યાન જે બહેનોએ સતત-સભામાં લાભ લીધો હોય તેમને આખી રાત્રી જાગરણ કરી કથા વાર્તા ધૂન કીર્તનની રમઝટ વચ્ચે પોતાના વરદ્ હસ્તે પુરસ્કાર આપવામાં આવે છે. જેથી બહેનોને પ્રેરણા મળે છે અને તેઓ આખું વરસ સત્સંગ સભામાં આવવાનું ચૂકતા નથી. સાંખ્યયોગી બહેનોને ગામો ગામ વિચરણ માટે

## કાળુપુર મંદિર હવેલીના સાંખ્યયોગી બહેનો દ્વારા (મહિલા પારાયણો)



૧. બાપુનગર (કર્મશક્તિ મંદિર), ૨. બાપુનગર (મંગલ પાંડે હોલ) ૩. બાપુનગર (નિકોલ), ૪. રાણિપ, ૫. છપૈયા, ૬. નાંદોલ, ૭. અડાલજ, ૮. વહેલાલ, ૯. મકાખાડ, ૧૦. સાબરમતી, ૧૧. વિરમગામ, ૧૨. ધૂળકોટ, ૧૨. ધૂળકોટ, ૧૪. બાલવા, ૧૫. ગાંધીનગર, ૧૬. ચરાડા, ૧૭. અંબાપુર, ૧૮. કલોલ, ૧૯. લાંઘણજ, ૨૦. કાલુપુર (હવેલી)



## પ.પૂ. શ્રીરાજાના સાનિધ્યમાં બાલિકા શિબિર

| | |
|---|---|
| કોટેશ્વર | ૨ |
| ટર્ફ (સ્કુલ) | ૨ |
| શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ | ૧ |
| બાપુનગર | |
| બાલવા | |

## પ.પૂ. ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં....



- અંધજન મંડળના બાળકોને કાલુપુર દર્શન તેમજ શાકોત્સવનો દિવ્ય લાભ
- વૃદ્ધાશ્રમમાં જઈને અન્નકૂટની પ્રસાદી વિતરણ
- મકરસંક્રાતિ નિમિત્તે ગરીબ કુટુંબોને અનાજ વિતરણ
- ભરફુંડા (સરકારી શાળાના બાળકોને સ્ટેશનરી વિતરણ)

અલાયદી સુંદર ગાડીની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જેથી બાઈઓનો ધર્મ અને મર્યાદા પણ સચવાય. સાંખ્યયોગી બહેનો અને કર્મયોગી બહેનો સાથે છપૈયાધામ ત્રણ ત્રણ વાર યાત્રા, દ્વારકા માઘસ્નાન, મૂળી ધામમાં બહેનોની શિબિર, સ.ગુ. ગોપાળાનંદ સ્વામીના ટોરડામાં શિબિર, સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના ખાણ ગામ મંદિર પાટોત્સવ દર્શન. આવી તો અનેક પ્રવૃતિઓ ચાલું છે. આ રીતે બહેનોના સત્સંગમાં વિશેષ જાગૃતિ આવી છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી જ્યારથી ગાદી પદારુઢ થયા ત્યારથી સતતને સતત દેશ વિદેશમાં અનેક મંદિરોનું નિર્માણ, કથાઓ, પારાયણો, પધરામણીઓ, આ સિવાય સમાજલક્ષી અને શૈક્ષણિક પ્રવૃતિઓ અને અનેક નાના મોટા મહોત્સવોનું આયોજન તેઓશ્રીની અધ્યક્ષતામાં થાય છે તેજ રીતે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી દ્વારા આ સાથે સામેલ ગામડાની પ્રવૃતિની યાદી વાંચીને કોઈપણ ને ખ્યાલ આવે કે આટલી વ્યસ્ત પ્રવૃતિમાં સદાય તેઓશ્રી પ્રસન્ન મુદ્રામાં રાજી રહીને

### એકાદશી સભાના બહેનોને યાત્રા પ્રવાસ

| | |
|---|---|
| છપૈયા - | ૩ વાર |
| દ્વારકા - | (માઘ સ્નાન) |
| મૂળી - | શિબિર |
| ટોરડા - | શિબિર |
| ખાણ - | પાટોત્સવના દર્શન |

સત્સંગીનું કેમ શ્રેય અને મંગળ થાય તેવું વિચારતા હોય છે. શ્રી સ્વામિનારાયણ બાગ ગૌશાળામાં ગાયોની પણ એટલીજ સાર સંભાળ રાખે છે. મૂંગા પ્રાણી દુઃખી ન થાય તેવું સદાય તેમના હૈયામાં હોય છે. તેઓ મૂક સ્વરૂપે કરે કે કોઈને ખ્યાલ પણ ન આવે. આવા આપણા પૂ. ગાદીવાળાશ્રી દ્વારા સંપ્રદાયની સત્સંગની પ્રવૃતિ, સમાજપયોગી પ્રવૃતિ, આદિ ખૂબજ થાય અને પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ પરત્વે નિયમ, નિશ્ચય અને પક્ષ દરેકના જીવનમાં ઉતરે અને તે થકી સૌનું ખૂબજ રૂડું થાય આવા ઉત્તમ વિચારો તેઓશ્રીમાં સદાય રહેલા છે.

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના પ.પૂ. ગાદીવાળાશ્રી થી લઈ આજે ૭ મી પેઢીના આપણા પ.પૂ. ગાદીવાળાશ્રીએ ફક્તને ફક્ત સંપ્રદાય અને સત્સંગ અર્થે જ જીવન સમર્પિત કરેલું છે.

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ તેમનું

## સત્સંગ સભાઓ

ભાણપુર ૧૩, સાકાપુરા ૧૦, વજાપુર ૧૦, રણછોડપુરા ૧૬, કુકરવાડા ૮, ગવાડા ૧૩, ગેરિતા ૧૩, પાલડી વ્યાસ ૬, દેલવાડા ૧૧, પીલવાઈ ૧૪, વેડા રામનગર ૫, વેડા આનંદપુરા ૮, બાલવા ૧૨, ઉનાવા ૨૦, પ્રતાપપુરા ૨૫, મુબારકપુરા ૧૫, કાળીગામ૪૦, કુડાસણ ૨૩, આદરજ ૧૩૦, જનતા નગર ૪૩, જમીયતપુરા ૮૦, નારણઘાટ ૧૫૦, કલોલ ૧૦, ગાંધીનગર ૨૫, સુઘડ ૮૦, હિરામોતી ૨૦, ઉંઝા સોસા. ૮૦, કોટેશ્વર ૨૫, દહેગામ૨૦, નાંદોલ ૨૧, વહેલાલ ૨૫, પરઢોલ ૨૩, કુંડાલ ૧૬, પલસાણા ૧૯, મહેસાણા ૧૫, મોટપ ૧૪, કરસનપુરા ૧૨, મરતોલી ૧૨, કાનપુરા ૧૨, કડી ૩, સાબરમતી ૧૨૦, મોટેરા ૧૨૦, અડાલજ ૧૪૦, અંબાપુર ૧૩૦, પોર ૮૫, ઝુંડાલ ૨૫, ચાંદખેડા ૧૨૩, ઉવારસદ ૨૩, કનીપુર ૧૪, લવારપુર ૨૬, ઘમીજ ૧૪, વર્ધાના મુવાડા ૨૦, સલકી ૨, કુબડથલ ૧૬, કુજાડ ૧૬, કણભા ૧૬, કુહા ૧૬, વાસણા (દોલારાણા) ૯, મગોડી ૯, ઈસનપુર ૧૧, કોઠ ૧૧, ભાત ૧૧, કાશીન્દ્રા ૬, ચલોડા ૬, ભીમપુરા ૨૭, પિપળજ ૨૯, લીંબોદ્રા ૩૨, કલ્યાણપુરા ૨૪, માણેકપુર (ચૌધરી) ૪૫, માણેકપુર (પટેલ) ૪૫, મકાખાડ ૩૭, ઈશ્વરપુરા ૨૫, બદપુરા ૨૫, અંબોડ ૩૧, વરસોડા ૧૦, ગુનમા ૧૦, માણસા ૭, રિદ્રોલ ૧૫, બાપુપુરા ૧૫, ગુલાબપુરા ૨૧, ઈટાદરા ૧૮, સોલૈયા ૨૨, આજોલ ૯, ઈન્દ્રપુરા ૨૧, સોજા ૪, મોખાસણ ૧૫, વસઈ ૪, આખજ ૪, ચરાડા ૬, બીલોદરા ૮, ચાંદીસણા ૩૩, નારદીપુર ૭, સરઢવ ૯, આમજા ૨૩, સમૌ ૧૫, રણુંજ ૨૦, મેઉ ૧૫, ગોઝરીયા ૫, ડાંગરવા ૨૫, કરજીસણ ૨૫, વડુ ૩૫, આનંદપુરા ૨૫, ટાંકીયા ૨૫, ભાઉપુરા ૧૨, ઓળા ૧૫, પાનસર ૮, ઈસંડ ૧૫, ખોરજ ૨, કડી ૧૭, દેઉસણા ૧, મારૂસણા ૧૩, દેત્રોજ ૨, શીયાવાડા ૩, આંતરોલી ૧૫, આંતરસુબા ૨૨, કઠલાલ ૯, શિંગાલી ૧૨, ભાટેરા ૮, વાસણા ૧, વિજાપુર ૮, ખણુસા ૪, સરોડા ૧, રાજપુર ૧૧,

કુલ સભા : ૩૧૦૮, (૨૦૧૧ થી ૨૦૧૬ દરમ્યાન)

સુંદર સ્વાસ્થ્ય રાખે અને તેઓશ્રી દ્વારા સત્સંગનો ખૂબજ બહોળો પ્રચાર પ્રસાર થાય તેવી પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં નત મસ્તકે પ્રાર્થના છે.

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી)**
**"મન જ્ઞાનથી વશ થાય છે"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

મનને સમજાવીને શક્તિશાળી બનાવવાનું છે. મન ચંચળ છે તે બહાના છે. મન ચંચળ એટલા માટે છે કે આપણે મનને શીખવાડ્યું જ નથી. સાચું સમજાવ્યું જ નથી. બંધન કે મોક્ષ બંનેનું કારણ મન છે. જે રીતે મનથી બંધન છે તે જ રીતે મનને સમજાવીને મોક્ષ તરફ પણ વાળી શકાય એમ છે. જેમ નાનું બાળક હોય તેને કોઈ કુટેવ હોય તો આપણે કહેવું પડે આમ ન કરાય. પછી બીજી વાર કહીએ છતાં ન માને તો ત્રીજી વખત કડક થવું પડે. આમ કરતાં કરતાં બાળક શીખી જાય છે. દા.ત. આપણે બાળકને સ્કુલમાં ભણવા મુકીએ તો પહેલા દિવસે બાળક કેટલું બધું રડે છે. ધીમે ધીમે સ્કુલે જવાનું શીખી જાય છે. તેમ આપણે આપણા મનને સમજાવતા સમજાવતા સાચું સ્વીકારવાનું શીખવવાનું છે. શાંતિથી સમય મળે ત્યારે બેસીને વિચારવાનું છે કે શું એવી વસ્તુ છે જેના આપણને વ્યર્થના વિચારો આવે છે. જે આપણા માટે ઉપયોગી નથી. અને ભવિષ્યમાં આપણને નડી શકે છે. આપણને દા.ત. જમવામાં દરેક વ્યક્તિને ખબર જ હોય છે કે કઈ વસ્તુ મારી પ્રકૃતિને અનુકુળ આવતી નથી કે જે ભવિષ્યમાં મારું સ્વાસ્થય ખરાબ કરી શકે છે. છતાં પણ માણસ રસાસ્વાદને વશ થઈને ખાઈ લે છે. જ્યારે મનની અંદર કોઈ પણ વ્યક્તિ કે વસ્તુના વિચારો આવતા હોય ત્યારે આપણું ધ્યાન એ તરફ જ હોય છે. દા.ત. અત્યારે સરસ કથા ચાલે છે અને આપણા મનમાં બીજા વિચારો ચાલતા હોય તો બે કલાક કથામાં શું આવ્યું ? તેની કાંઈ જ ખબર ન પડે. અને ધારો કે અહિંયા સરસ સત્સંગ ચાલતો હોય અને બહારથી કોઈ આવ્યું અને કહે કે આવો ને બે મિનિટ તમને બોલાવે છે. તો શું વસ્તુ આપણા માટે અનિવાર્ય છે તે આપણે નક્કી કરીશું. અને બહાર જવા માટે ના પાડી દઈશું. તેમ છતાં બીજીવાર બોલાવે તો થોડી સખતાઈ કરવી પડે કડક થઈને થોડું મક્કમ થવું પડે અને આપણું મન પણ બહાર જવા પ્રેરાતુ હોય તો મનને પણ સમજાવવું પડે કે કઈ વસ્તુનું મહત્વ આપણા માટે વિશેષ છે. તો કહેવાનો અર્થ છે કે અંતરની યાત્રા કરવાની છે અને તપાસ કરવાની છે કે કઈ જગ્યાએ આપણો સમય બગડે છે. આપણમાં ક્યા દોષો રહેલા છે. તે વિચારી સ્વીકારી લેવાનું છે. અને પોતાની જાતને બતાવવાનું છે કે આપણામાં રહેલા દોષો આપણને કઈ રીતે નુકશાન પહોંચાડે છે. અને સૌથી અગત્યની વાત એ છે કે કોઈ પણ બહાના હેઠળ આપણામાં રહેલા દોષોનું રક્ષણ નથી કરવાનું. ભૂલ જ્યારે જ્યારે થાય ત્યારે બેસીને પસ્તાવો કરો અને મનને સમજાવો. જેવી રીતે આપણને કોઈ પણ ઘા વાગ્યો હોય અને આપણે તેનો ઈલાજ ન કરીએ અને સાચવીએ પણ નહિ તો રોગ કે ઘા વિશાળ થઈ જાય છે અને સડી જાય છે. આપણને પીડા પહોંચાડે છે. તે રીતે જાણે અજાણે ભૂલ થઈ ગઈ હોય તો તેને છુપાવીને રક્ષણ નહિ કરવાનું પરંતુ સ્વીકારી લેવાનું અને પસ્તાવો કરવાનો. અને ખાસ તો નક્કી કરવાનું છે કે ફરી આવી ભૂલ ન થવી જોઈએ અને છતાં પણ ભૂલ થાય તો ફરીથી પસ્તાવો કરવાનો છે અને મનને સમજાવવાનું છે. તો દિલથી પસ્તાવો થશે તો ધીમે ધીમે નિર્મળ થઈ જવાશે. આપણને એવું લાગે છે કે કાંઈ ફેર પડતો નથી, તો કેમ ? તો આપણા અંતરમાં રોગ છે. માટે ફેર નથી પડતો. આપણા શરીરમાં કાંઈક બિમારી હોય તો ગમે તેવો સારો ખોરાક લેવાથી પણ ફરક પડતો નથી તો આપણે સમજવું જોઈએ કે શરીરમાં બિમારી છે. માટે ફેર પડતો નથી. જો પિત્તનો રોગ હોય તો સાકર પણ ગળી ના લાગે. પરંતુ જો આપણે સાકર ખાવાનું ચાલું રાખીએ તો સાકરના અંદર એવો ગુણ છે જે ધીમે ધીમે આપણા પિત્તના રોગને મટાડી દે છે. તો સાકરની જેમ મહારાજે જે આજ્ઞા અને નિયમો પાળવાના કહ્યા છે ને તે શરૂઆતમાં કડવા લાગે છે. કેમ કે? આપણા અંતરમાં રોગ છે. પરંતુ આ સત્સંગમાં અને ભગવાનમાં એવા ગુણો છે કે આપણા અંદરના રોગને મટાડી દેશે. માટે ભાર નથી રાખવાનો પરંતુ સમજીને પ્રયત્ન કરવાનો છે. તો સ્વીકારો, બેસો અને અંતર્મનની યાત્રા કરો. અને ભૂલ થાય ત્યારે ભગવાન પાસે બેસીને માફી માગી લેવાની. જેટલું આપણે ભગવાન પાસે બેસીને

રડીશું એટલું આપણું અંતઃકરણ પવિત્ર થશે. જાહેરમાં નહિ પણ એકાંતમાં ભગવાન પાસે બેસીને રડી લેવાનું. આપણને જે પરિસ્થિતિ પ્રાપ્ત થઈ છે તેને અનુકુળ કઈ રીતે થવાનું તેનો રસ્તો આપણા શાસ્ત્રો અને સત્સંગ આપણને બતાવે છે. તો તેના માધ્યમથી કઈ રીતે બહાર નીકળવું અને જ્ઞાનમાર્ગમાં કઈ રીતે આગળ વધવું તે વિચારવાનું છે. જેમ વાવાઝોડું આવે તો તેને આપણે રોકી શકીએ નહિ પરંતુ તેનાથી બચવાનો પ્રયત્ન ચોક્કસ કરી શકીએ. અર્થાત્ જગતમાંથી વિષય-વાસના આપણે દૂર નહિ કરી શકીએ. પરંતુ તેનાથી બચવા માટે પ્રયત્ન ચોક્કસ કરી શકીએ. આપણા મન પ્રમાણે જગતમાં આપણને બહુ અનુકુળ વાતાવરણ મળે એવું શક્ય નથી. મહારાજે કીધું છે ને કે જીવનમાં દુઃખના દિવસો તો આવશે. પરંતુ આવેલા દુઃખમાંથી પસાર કઈ રીતે થવું તેનો રસ્તો હું બતાવીશ. ભૂતકાળમાં નહિ રહેવાનું પણ એટલું ચોક્કસ વિચારવાનું કે અતિતમાં મારાથી એવા ક્યા કાર્યો થયા છે કે જેના પરિણામ સ્વરૂપે મને અશાંતિ આવી અને મારે દુઃખ સહન કરવું પડ્યું. આપણાથી કોઈ પણ ખોટું કાર્ય થયું હશે અને કોઈને પણ ખબર નહિ હોય તો પણ મનની અંદર શાંતિ રહેશે નહિ અને શાંતિથી ઉંઘ પણ આવશે નહિ માટે જે કાર્ય કરો તે પહેલાનું પરિણામ શું આવશે તે વિચારી લેવાનું. તો વર્તમાન પણ સુધરશે અને ભવિષ્ય પણ સુધરશે. તો સત્સંગમાં આવતા રહેવાનું અંતર્મનનો અભ્યાસ કરતા રહેવાનું. રહેતા રહેતા ફેર પડશે જ. ધીમે ધીમે બધુ થશે. આપણે એક જગ્યાએ વૃક્ષ વાવીએ અને પછી ૧૦૦ ડોલ પાણી રેડી દઈએ અને તરત ફળ આવી જાય એવુ ના બને ને ? આવું કરીશું તો જે છે તે પણ જતું રહેશે. માટે ધીમે ધીમે પણ ભૂલોને સુધારવાનો પ્રયત્ન ચાલુ રાખવાનો.

અનુ. પેજ નં. ૧૨ નું ચાલુ

હતું. આંબલી નીચે ચમત્કારી હનુમાનજી તથા મહોલમાં ગણપતિ બોલતા હનુમાનજી તથા મહાદેવજી પ્રસાદીના છે. ઘણી પ્રસાદીની વસ્તુઓ આજે મંદિરમાં છે તેમજ કેટલીક પ્રસાદીની વસ્તુઓ આજે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર્શન આપે છે.

સ.ગુ. શ્રી મહાનુભાવાનંદ સ્વામીએ શ્રીહરિકૃષ્ણ લીલામૃત ગ્રંથની રચના કરી છે. તે ગ્રંથમાં પણ શ્રીહરિના શબ્દોનું પુનરાવર્તન ન થાય તે રીતે વિશેષ લખું તો શ્રીહરિ કહે છે, ગામના સીમાડામાં પણ અમે ફર્યા છીએ. **ગંગા આદિક તીર્થો પણ દેવ સરોવરમાં નિવાસ કરીને રહ્યા છે. વળી પુષ્કર, પ્રયાગ, કાશી, ગોદાવરી, ગયા, નર્મદા, તાપી, યમુના, દ્વારિકા આ બધા તીર્થો પણ અહીં રહે છે. માટે આ જેતલપુર ધામ તીર્થોમાં ઉત્તમ એવું સર્વોત્તમ તીર્થ સ્થળ છે. મોક્ષને આપનારું ધામ છે. કલ્યાણ કરનારું સ્થળ છે. માટે તમારે સર્વને આ ગામની, અહીંની વાડીની, ગામના સીમાડાની, દેવ સરોવર આદિ દરેક સ્થળના અવશ્ય દર્શન કરવા.**

ઐતિહાસિક મહિમા જોઈએ તો **રેવતી બળદેવજી જ્યારે દ્વારિકાથી ગોકુળ જતા હતા ત્યારે આ જેતલપુરમાં આવ્યા હતા અને આ વાડીમાં નિવાસ કરેલો આ સરોવરમાં તેમણે સ્નાન કરેલું. એ વખતે ઈન્દ્રાદિક દેવતાઓ પણ બળદેવજીના દર્શને આવેલા.** શ્રીહરિ પણ નીલકંઠવર્ણીવેશે જેતલપુરની જ્ઞાન વાવ પર આવીને બેઠેલા. એ સમયે ત્રણ દિવસ રોકાયેલા. **જેતલપુરમાં શ્રીહરિનું દર્શન કરવા બ્રહ્મા, વિષ્ણુ, શિવ આદિક મોટા દેવો નિત્ય પધારતા.**

શ્રીહરિનો મહિમા કહેવા કોઈ સમર્થ નથી. તેમ શ્રીહરિએ રચેલા તીર્થધામોનો તેમજ શ્રીહરિએ સ્થાપન કરેલ ધર્મવંશી આચાર્ય પરંપરાનો મહિમા કહેવા પણ કોઈ સમર્થ નથી. તો આવા તીર્થોમાં જઈએ ત્યારે જે તે મંદિરોની સેવામાં રહેલા દેવ અને આચાર્યની નિષ્ઠા ધરાવતા સંતોનું પણ દર્શન સમાગમ કરીએ. મૂળ સંપ્રદાયથી જેઓ વિખુટા પડ્યા છે તેઓનો દ્વેષ નથી પરંતુ કલ્યાણનો ખપ હોય તો મૂળ પરંપરામાં ફરી પાછા જોડાઈ જશો તો અંતકાળે પસ્તાવો કર્યા વિના સુખેથી દેહ છોડીશું ને દેહ રહે ત્યાં સુધી પણ અસલ સ્વાદ ચાખવા મળશે. એકવાર અમૃત ચખાઈ જાય તો પછી બાકીનું બધું વિષરૂપ થઈ જાય. બાકી તો શ્રીહરિએ મનુષ્ય દેહ આપ્યો છે તો હમણા તો જેને જે કરવું હોય તે માટે મનુષ્ય સ્વતંત્ર છે. શ્રીહરિ કોઈનો ભાર પોતાના પર રાખતા નથી. શિક્ષાપત્રીમાં બધી મર્યાદા આંકી દીધી છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

**પ્ર. ૧** શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રથમ પત્ર વ્યવહાર કોની સાથે કરેલો ?

**પ્ર. ૨** શ્રીજી મહારાજ સત્સંગમાં કેટલા વર્ષ રહ્યાં ?

**પ્ર. ૩** ભગવાનને રાજી કરવા નારદજી કેટલા મનવંતર ગાન વિદ્યા શિખ્યા ?

**પ્ર. ૪** જીવને પોતાના સંબંધીને વિશે દ્રઢ પ્રસંગ છે તેવો ને તેવો પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને શાનું દ્વાર ઉઘાડું થાય ?

**પ્ર. ૫** ક્યાં કુસંગીના સંગ થકી ભગવાનના આકાર માત્ર ખોટા કરી ભગવાનની ભક્તિ ઉપાસના થકી ભ્રષ્ટ કરે છે ?

**પ્ર. ૬** દાદાના દરબારમાં એક ડોશી રુપિયાની કોથળી ચોરી કરીને ભાગી ગઈ અને આગળ જતા તેને કાંઈ દેખાયુ નહી તે પાછી દરબારગઢમાં આવીને શ્રીજી મહારાજ પાસે રૂપિયા મેલી ''સ્વામિનારાયણ સ્વામિનારાયણ'' બોલવા લાગી ત્યારે મહારાજે દાદાને કહ્યું આ ડોશીએ ચોરીનું ભુંડું કામ કર્યુ માટે એને મારો. ત્યારે દાદા એ શું કર્યુ ?

**પ્ર. ૭** પૃથ્વી ક્યા ભૂતના એક અંશમાંથી ઉત્પન્ન થઈ ?

## ફેબ્રુઆરી-૨૦૧૭ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** ૧૨૧ શ્લોક. **(૨)** 'હે મહારાજ ! મારી દીકરીની દીકરીને પરણાવવી છે ને કપાસીયાની વખાર છે તે વેચવી છે. માટે મને હમણા મેલી જાઓ તો ઠીક.' **(૩)** ૮૦૬. **(૪)** સ.ગુ. પૂર્ણાનંદ સ્વામી. **(૫)** ''પોતાથી જે મોટા હોય તો પણ તેનું જ્યારે સન્માન થાય ત્યારે તેને દેખી શકે નહીં. એવો જેનો સ્વભાવ હોય તેને જાણવું જે આના હૈયામાં ઈર્ષ્યા છે. **(૬)** ''જે સત્પુરુષના સમાગમે કરીને ધર્માદિક ચાર સાધનને પક્વ કરે તો વાસના જીતાય ને શુધ્ધ ભક્ત થવાય. **(૭)** ૧૪૨ મું પ્રકરણ.

| | | | |
|---|---|---|---|
| ૧ | પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ) | ૧૮ | પટેલ સંગીતાબેન અરુણભાઈ (અંબાપુર) |
| ૨ | અરવિંદાબેન એન. (ચાંદલોડીયા) | ૧૯ | પટેલ ઈલા પ્રવિણભાઈ (અંબાપુર) |
| ૩ | સાં.યો. મંજુબા, ભારતીબા (અમદાવાદ હવેલી) | ૨૦ | પટેલ સંગીતા મનોજભાઈ (અંબાપુર) |
| ૪ | બહેનોનું શ્રી સ્વામિનારાયણ મંદિર (મોરબી) | ૨૧ | પટેલ લલિતાબેન જયંતિલાલ (સાબરમતી) |
| ૫ | વીણાબેન આર. ભાવસાર (નવરંગપુરા) | ૨૨ | દરજી સંગીતા કલ્પેશભાઈ (કાલુપુર) |
| ૬ | સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા) | ૨૩ | પટેલ શારદાબેન હીરાભાઈ (સાબરમતી) |
| ૭ | ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર) | ૨૪ | ભાવસાર ચંદુભાઈ પરસોતમદાસ (નવા વાડજ) |
| ૮ | જોલાપરા શોભના કે. (સુરેન્દ્રનગર) | ૨૫ | સાં.યો. બહેનો (વાવોલ) |
| ૯ | ડાભી મફાજી સરદારજી (ડાંગરવા) | ૨૬ | મહંત શાસ્ત્રી પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર) |
| ૧૦ | પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા) | ૨૭ | સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ) |
| ૧૧ | પટેલ મગનભાઈ મોહનભાઈ (હિંમતનગર) | ૨૮ | પટેલ ધર્મિષ્ઠાબેન ભરતભાઈ (નિર્ણયનગર) |
| ૧૨ | પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ) | ૨૯ | સોની ઈલાબેન નરેન્દ્રકુમાર (ઘાટલોડીયા) |
| ૧૩ | ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા) | ૩૦ | ચોકસી નરેન્દ્રકુમાર શાંતિલાલ (ઘાટલોડીયા) |
| ૧૪ | પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા) | ૩૧ | પટેલ કિંજલ ભરતકુમાર (સાબરમતી) |
| ૧૫ | પટેલ સરોજબેન રણછોડભાઈ (મુબારકપુર) | ૩૨ | પટેલ શારદાબેન રતિલાલ (સાબરમતી) |
| ૧૬ | પટેલ ભાવનાબેન નટવરભાઈ (મુબારકપુર) | ૩૩ | પટેલ ભારતીબેન વિષ્ણુભાઈ (ડાંગરવા) |
| ૧૭ | પટેલ રૂચિતા હિરેનભાઈ (અંબાપુર) | ૩૪ | પટેલ કોકીલાબેન બાબુભાઈ (સાબરમતી) |

**સૂચના :** પ્રશ્નપેટીના ઉત્તર લખતા ભક્તોને ખાસ સૂચન છે કે હવે પછી એકજ વ્યક્તિના લખેલ સરખા જ અક્ષરવાળા ઉત્તર સ્વીકારાશે નહી. જે તે વ્યક્તિએજ પોતાના હસ્તાક્ષરમાં જ જવાબ લખવા તેવું ખાસ સૂચન છે. અને સારા ફુલ સ્કેપ પેપરમાં જ જવાબ લખવા જેવા તેવા પેપરમાં ટુકડામાં લખેલ જવાબો સ્વીકારાશે નહીં.

પ્રશ્નપેટીના ઉત્તરો દર માસની ૨૨ તારીખ સુધીમાં સ્વીકારાશે. ત્યારબાદ આવેલ ઉત્તરો પ્રકાશિત થશે નહિ.

# સત્સંગ સમાચાર

**અમદાવાદ મંદિરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૧૯૫ મો પાટોત્સવ મહામહોત્સવ**

સર્વોપરી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા કાલુપુર મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની શુભ પ્રેરણાથી તેમજ યજમાન પરિવારના પૂર્વાશ્રમના અ.નિ. પૂ. સ.ગુ. સ્વામી દેવજીવનદાસજીની પુણ્ય સ્મૃતિમાં અ.નિ. પ.ભ. મહાદેવભાઈ વેલાભાઈ પટેલ, અ.નિ. હિરાબા મહાદેવભાઈ પટેલ પરિવારના પ.ભ. ગંગારામભાઈ મહાદેવભાઈ પટેલ, અ.સૌ. વાલીબેન ગંગારામભાઈ પટેલ ભૂવા પરિવાર તરફથી પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૧૯૫ મો પાટોત્સવ મહામહોત્સવ દબદબાપૂર્વક ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ તા. ૨૫-૨-૧૭ થી તા. ૧-૩-૧૭ પર્યન્ત પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે સવારે ૬-૦૦ થી ૮-૦૦ સુધી સંપન્ન થઈ હતી. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તથા સાં. મંજુબા અને સાં. ભારતીબાની પ્રેરણાથી પ.ભ. હિરાબા સોમદાસ પટેલ (અમેરિકા) ના યજમાન પદે તા. ૨૪-૨-૧૭ થી તા. ૨૮-૨-૧૭ પંચદિનાત્મક શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી તથા સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીના વક્તાપદે સવારે ૮-૧૫ થી ૧૦-૩૦ અને સાંજે ૪-૦૦ થી ૬-૩૦ કથાનું સુંદર આયોજન થયું હતું. સહિતાપાઠના વક્તા શા. સ્વા. હરિ સ્વામી રહ્યાં હતાં.

ફાગણ સુદ-૩ ના તા. ૧-૩-૨૦૧૭ બુધવારના સવારે ૬-૩૦ થી ૭-૦૦ પર્યન્ત શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના વરદ્ હસ્તે શ્રીનરનારાયણાદિ દેવોનો ષોડશોપચાર મહાભિષેક, અન્નકૂટ આદિ વેદ વિધિસર ધામધૂમથી સંપન્ન થયા હતા. જેના દર્શન હજારો સંત હરિભક્તોએ કરી ધન્યતા અનુભવી હતી.

ત્યારબાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજીમહારાજશ્રી સભામાં બિરાજમાન થયા હતા. પાટોત્સવના યજમાન પરિવારના પ.ભ. ગંગારામભાઈ પટેલ તેમના પુત્રો જમાઈ અને પૌત્રો તેમજ પારાયણના યજમાન પ.ભ. હિરાબા સોમદાસભાઈ પટેલ પરિવારના ભાઈઓએ સમગ્ર ધર્મકુળનું પૂજન-આરતી અને ભેટ કરીને રૂડા આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી અને અનેક વિદ્વાન સંતો મહંતોએ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ખૂબજ અલૌકિક મહિમા માહાત્મ્ય કહ્યું હતું. છેલ્લે પ.પૂ. મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજીમહારાજશ્રીએ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો દ્રઢ આશરો, નિયમ, નિશ્ચય અને પક્ષ શિર સાટે રાખવા ઉપર વાત કરીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે હારતોરાના સ્થાને દરેકને તુલસીના રોપા આપવામાં આવ્યા હતા.

સભાનું સુંદર સંચાલન કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી અને પૂ. શા. રામકૃષ્ણદાસજી સ્વામી (કોટેશ્વર ગુરુકુળ)એ શોભાવ્યું હતું. સભા વિરામ બાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા હતા.

સમગ્ર પ્રસંગ દરમ્યાન બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી, સ્વામી હરિચરણદાસજી (કલોલ), ભંડારી જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી (ટ્રસ્ટીશ્રી), યોગી સ્વામી, ભક્તિ સ્વામી આદિ સંત મંડળે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા ખૂબજ સુંદર અને પ્રેરણારૂપ હતી. (શા. સ્વા. નારાયણમુનિદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ૨૧ મો પાટોત્સવ**

પરમ કૃપાળુ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ. સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજીની દિવ્ય પ્રેરણાથી અને સ.ગુ.શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર મહંતશ્રી) તથા મહંત શા. સ્વામી સિધ્ધેશ્વરદાસજીના માર્ગદર્શનથી પ.ભ. ડાહ્યાભાઈ હરગોવનદાસ પટેલ, અ.નિ. ધૂળીબેન ડાહ્યાભાઈ પટેલ, પ.ભ. નારાયણભાઈ હરગોવનદાસ પટેલ, અ.સૌ. કમળાબેન નારાયણભાઈ પટેલ (માણસા પરીડા) પરિવારના યજમાન પદે શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટનો ૨૧ મો પાટોત્સવ મહાવદ-૫ તા. ૧૫-૨-૧૭ ના રોજ ધામધૂમથી ઉજવાયો. પાટોત્સવ અંતર્ગત તા. ૧૧-૨-૧૭ થી તા. ૧૫-૨-૧૭ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ રાત્રીય પારાયણ સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે સંગીતની સુમધુર સૂરાવલી સાથે થઈ હતી.

તા. ૧૫-૨-૧૭ ના સવારે ૬-૩૦ થી ૭-૦૦ દરમ્યાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો મહાભિષેક વેદ વિધિસર સંપન્ન થયો. હજારો સંત-હરિભક્તોએ દર્શન કરીને મહા લાભ લઈ ધન્યતા અનુભવી હતી. પ્રાસંગિક સભામાં યજમાન પરિવારના ભાઈઓએ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી ઉતારી ભેટ ધરી રૂડા આશીર્વાદ મેળવ્યા હતા.

સંતોમાં પૂ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, પૂ. શા.પી.પી. સ્વામી (ગાંધીનગર), પૂ. શા. રામ સ્વામી આદિએ ભગવાનનું માહાત્મ્ય મહિમા કહ્યો હતો. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી એ સમગ્ર સભાને અતિ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન શા. દિવ્યપ્રકાશદાસજીએ શોભાવ્યું હતું.

(બાલસ્વરૂપ સ્વામી, નારાયણઘાટ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી દશાબ્દી પાટોત્સવ મહોત્સવ ભવ્યતાથી ઉજવાયો**

